ૐ

ઉપયોગી વિદ્યાકળા ગ્રંથમાળા મણકો ૧લો.

જંગલની જડીબુટ્ટી.

પ્રથમ ભાગ.

લેખક.

વૈદ્યશાસ્ત્રી શામળદાસ સેવકરામ.

ઉપયોગી વિદ્યાકળા ગ્રંથમાળા-મણકો ૧લો.

જંગલની જડીબુટ્ટી.

પ્રથમ ભાગ.

લેખક તથા પ્રકાશક,

વૈદ્યશાસ્ત્રી શામળદાસ સેવકરામ.

(પશુ ચિકિત્સા, આકાશવાણી, પ્લેગ અથવા મરકી, પ્રાચીન મહાત્માઓની અલૈકિક વિદ્યાઓ વિગેરેના કર્તા.)

વડાગામ-વાયા-તલોદ-એ. પી. રેલવે.

દ્વીતિયાવૃત્તિ.] પ્રત ૬૨૫ [ઈ. સ. ૧૯૧૮.

કિંમત. } કાચા પુંઠાના રૂ. ૦-૮-૦ / પાકા પુંઠાના રૂ. ૦-૧૨-૦ { પોષ્ટેજ જુદું.

શ્રી "પ્રજાહિતાર્થ મુદ્રાલય" પ્રેસમાં પટેલ ડાહ્યાભાઈ દલપતરામે
છાપી. શાહપુર નવી પોળ—અમદાવાદ.

પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના.

પૂર્વે બ્રહ્માનું મસ્તક જ્યારે વીરભદ્રે છેદન કર્યું હતું, ત્યારે અશ્વિનીકુમારોએ તેનું ફરીથી સંધાન કર્યું હતું તે અન્ય ઉપાયથી નહિ; પરંતુ જડીબુટ્ટીના પ્રતાપથીજ! એજ વૈદ્યોએ ચ્યવન ઋષિની વૃદ્ધાવસ્થા ટાળી પુનઃ યુવાવસ્થા બક્ષી હતી તે પણ જડીબુટ્ટીથીજ! રામ, રાવણના પ્રખ્યાત યુદ્ધ પ્રસંગે લક્ષ્મણને લાગેલી મુર્છા સુષેણ વૈદ્યે વાળી હતી તે પણ તેનાથીજ! અને દેવોએ સમુદ્ર મંથન કરી અમૃત ઉપજાવ્યું હતું તે પણ જડીબુટ્ટીઓના મંથનથીજ.

આ પ્રમાણે જડીબુટ્ટીઓના દીવ્ય ગુણોનું જ્ઞાન અતિ પ્રાચીન કાળથીજ ચાલ્યું આવે છે, છતાં આજકાલ તેનું જ્ઞાન ધરાવનારા વીરલા થઇ જવાથી કે કાંતો આજકાલના સુધરેલા ગણાતા જમાનાના સુધરેલા જનોની તેમાં આસ્થા નહિ રહેવાથી, પોતાને થયેલા દરદના સંબંધમાં એકાદ વૈદ્ય, અગર એકાદ ગામડીઓ મનુષ્ય જડીબુટ્ટીનો કંઇ ઇલાજ બતાવે તો તે હવામાં ચાલ્યો જાય છે; પરંતુ એકાદ ડૉક્ટર યુરોપ કે અમેરિકામાં બેઠાં બેઠાં ન્યુસપેપરોદ્વારા પોતાના ઔષધનાં મરજીમાં આવે તેવાં બણગાં ફુંકે તોપણ તેની વાત ઉપર એકદમ એવો વિશ્વાસ મુકવામાં આવે છે કે, તેનાં દરેક કથનને બ્રહ્મ વાક્ય માની તેના તરફથી પ્રસિદ્ધ થયેલી પેટન્ટ દવાને ખરીદવાને બજારમાં દોડાદોડ થાય છે.

અમે એમ કહેવા નથી માગતા કે દરેક પેટન્ટ દવાઓની ખબરો અતિશયોક્તિ ભરેલી હોય છે, પરંતુ તેઓ પૈકી ઘણી ખરી-

ઓમાં શું સત્યતા સમાએલી હોય છે, તેનો ખ્યાલ તો જેઓએ "સિક્રેટ મેડીસીન" અને મોર "સિક્રેટ મેડીસીન" નામનાં પુસ્તકો વાંચ્યાં હશે તેઓની કલ્પનામાં આવીજ ગયો હશે, અને તેથી એવાં ઔષધો ખરીદનારા જ્યારે નિરાશ થાય છે, ત્યારે જોગી, જતી અગર ઊંટ વૈદ્યોના પાસે પડી પારો, ગંધક, સોમલ, હરતાલ વિગેરેની અનેક અશુદ્ધ બનાવટો ખાઈ થએલું દરદ મટાડવાને બદલે બીજાં અનેક દરદોના ભોગ થઇ પડે છે, તે કરતાં જો અતિ પવિત્ર, નિર્ભય, કદી પણ અવગુણ નહિ કરનારી, સરળતાથી મળી શકનારી અને અલ્પ મૂલ્યવાળી છતાં અમૂલ્ય ગુણ કરનારી જડીબુટ્ટીઓના વપરાશનો વિશેષ પ્રચાર થાય તો દરેક વ્યક્તિને અને તેમાં પણ વળી ગરીબ વર્ગને વિશેષ ફાયદો થાય એમ ધારી, આ પુસ્તકની એક નાનકડી આવૃત્તિ સને ૧૯૦૮ માં પ્રગટ કરવામાં આવી હતી. જે લોકપ્રિય થઈ ટુંક સમયમાં ખપી જવાથી આ સંબંધીનું એક મોટું પુસ્તક પ્રસિદ્ધ કરવા વિચાર હતો, પરંતુ એકી વખતે સામટી કિંમત ખર્ચી સાધારણ સ્થિતિનાં મનુષ્યો તેનો લાભ લઇ શકશે કે કેમ? એવી શંકા ઉપસ્થિત થવાથી, તેમજ અમારી તરફથી "ઉપયોગી વિદ્યા કળા ગ્રંથમાળા" નામની સીરીઝ શરૂ થવાથી, આખુ પુસ્તક એકદમ નહી છાપતાં કેટલાએક ભાગોમાં થઇ પૂર્ણ કરવાનો નિશ્ચય થવાથી, તૈયાર મેટરમાંથી માત્ર થોડોજ નમુનો આ પ્રથમ ભાગ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તે જો વાંચક વૃન્દને ઉપયોગી થઈ પડશે તો બાકીનો વિષય બીજા કેટલાએક ભાગોમાં થઇ પૂર્ણ કરવામાં આવશે.

આ પુસ્તકમાં આવેલી જડીબુટ્ટીઓના ગુણદોષ કેવળ મનની કલ્પના પ્રમાણે લખવામાં આવ્યા નથી, પરંતુ ચરક, સુશ્રુત, વા-

ભટ, ધન્વતરી, સારંગધર, ભાવમિશ્ર, બંગસેન, ડૉ. ડીમક, ડૉ. વૉટ, ડૉ. એન્સ્લી, ડૉ. ખોરી, ડૉ. મુઇદીન શેરીફ, ડૉ. દાજી ભાંડી, ડૉ. શખારામ અર્જુન, ડૉ. દત, ડૉ. સર ભાલચંદ્ર કૃષ્ણા, સર દીનશા માણેકજી, ધન્વંતરી સ્વરૂપ વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજી, પનવેલના પ્રખ્યાત કારખાનાના ચાલક વૈદ્યરાજ વિષ્ણુ કૃષ્ણ પુરાણિક, પ્રસિદ્ધ પત્ર વૈદ્ય કલ્પતરૂના સંપાદક વૈદ્ય પંચાનન જટાશંકર લીલાધર ત્રીવેદી, પ્રસિદ્ધ હકીમ અકમરખાન, મખજનઉલ અદ્વીઆના કર્તા. વિગેરે અનેક પ્રાચિન અર્વાચિન દેશી વિદેશી મહાશયોએ ગુજરાતી; અંગ્રેજી, અરબી, ફારસી, મરાઠી, હિંદી, સંસ્કૃત, વિગેરે ભાષાઓમાં લેખો, પુસ્તકો અગર અભિપ્રાયો દ્વારા જણાવેલા પોતાના અનુભવોનો આધાર લેવામાં આવ્યો છે, તેમજ અનેક સાધુ સંતો, મહાત્માઓ, બાબડીઆઓ, ડોસીઓ, વૃદ્ધ વૈદ્યો વિગેરેની સેવા કરતાં તેઓની કૃપા દ્રષ્ટિથી પ્રાપ્ત થએલી પ્રસાદિક જડીબુટ્ટીઓનો અનુભવ લેતાં જે સત્ય રહસ્ય સમજવામાં આવેલું તે ખુલ્લા દીલે વર્ણવવામાં આવ્યું છે. આ બદલ વાંચકોની વિશેષ ખાત્રી માટે પ્રસંગોપાત દરેક વિષય જે જે ગ્રંથ અગર લેખમાંથી લીધેલો છે. તેનું પ્રમાણ ટાંકવા ઉપરાંત તે સંબંધમાં અમારો જાતિ અનુભવ દર્શાવવામાં આવ્યો છે જે ઉપરથી આ પુસ્તકને પ્રમાણભૂત બનાવવાને માટે અમોએ લીધેલા શ્રમનો કંઇક ખ્યાલ વાંચક વૃન્દને આવશે.

આ પુસ્તકની પ્રથમાવૃત્તિમાં પ્રથમ દરેક રોગનું નિદાન આપી પછી તેને લગતા જડીબુટ્ટીના ઉપચાર આપવામાં આવ્યા હતા, પરંતુ તે કરવા જતાં પુસ્તકનું કદ વધી જવાના ભયથી જડીબુટ્ટીઓના

ગુણુ બદલ જોઇએ તેટલી સ્પષ્ટતાથી પ્રમાણુ આપી શકાયાં નહોતાં, અને તેથી આ વખતે એ સ્ટાઇલ ફેરવીને એટલે દરદોનો ક્રમ છોડી દેઇને કેવળ જડીબુટીઓનો ક્રમ રાખવામાં આવ્યો છે, અને તેથી પુસ્તકની સ્ટાઇલ તદન નવાજ સ્વરૂપમાં ફરી જવાથી આ આવૃત્તિને બીજી આવૃત્તિ નહિ ગણતાં નવિન આવૃત્તિ ગણવામાં આવી છે. એજ. સુજ્ઞેષુના કિમ્ બહુના.

વડાગામ, } આપનો,

વિજયાદશમી. } વૈદ્યશાસ્ત્રી શામળદાસ સેવકરામ.

દ્વીતિયાવૃત્તિની પ્રસ્તાવના.

ઇશ્વર કૃપાએ આ પુસ્તકની પ્રથમાવૃત્તિ ધાર્યા કરતાં વિશેષ લોકપ્રિય થઇ પડવાથી એક વર્ષની અંદરજ તેની બીજી આવૃત્તિ લખવાનો સુયોગ પ્રાપ્ત થયો છે. પ્રથમાવૃત્તિ લોકોપયોગી બનાવવાને માટે જો કે પુરતો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, તોપણ "અધિકસ્યમધિકંફલમ્" એ સૂત્રાનુસાર તેની ઉપયોગિતામાં વિશેષ વૃદ્ધિ થાય એવા હેતુથી આ વખતે પણ યોગ્ય લાગ્યો તે સુધારો વધારો કરવામાં આવ્યો છે, જે જન સમાજને વિશેષ હિતપ્રદ થઇ પડશે.

વ્યવહારનાં દરેક સાધનો મેળવવામાં આજકાલ મોંઘવારીની હદ રહી નથી, તેમાં પણ ગ્રંથ મુદ્રણનાં સાધનોના ભાવ તો એટલા બધા વધી ગયા છે કે તેઓને ખરીદવાની વાત પણ કરી શકાય તેમ નથી. આમ હોવા છતાં પણ આ વખતે કાગળ, છાપ વિગેરેમાં યોગ્ય ફેરફાર કરવામાં આવ્યો છે, વળી પુસ્તકનું કદ પણ પ્રથમના કરતાં વૃદ્ધિ પામ્યું છે; છતાં જન સમાજ તેનો પૂર્વવત્ લાભ લેઇ શકે એવા હેતુથી નફાની લાલચ છોડી દેઇ કિંમતમાં કંઇ પણ વધારો કરવામાં આવ્યો નથી.

પ્રથમાવૃત્તિ વખતે દરેક સુજ્ઞ વાંચકને વિનતિ કરવામાં આવી હતી કેઃ—"આ પુસ્તકમાં વર્ણવેલી અગર તો અન્ય કોઇ જડીબુટ્ટીઓ સંબંધી તેઓને કંઈ વિશેષ જ્ઞાન હોય તો તે લખી મોકલવાને માટે કૃપા કરવી કે જેથી પુનરાવૃત્તિમાં યોગ્ય સુધારો થઇ શકે કિંવા બીજા ભાગો લખવામાં સહાય મળી શકે" પરંતુ અફસોસ ! કે તેવો એક પણ અક્ષર લખી મોકલવાની કોઈ મહાશયે કૃપા કરી

નથી. અમારા માનવા પ્રમાણે વધારે નહિ તો અલબત થોડા ઘણા મહાશયોને પણ કેટલીએક જડીબુટ્ટીઓનું અકસીર જ્ઞાન તો હશેજ, પરંતુ તેવા મહાશયોએ પરમાર્થ કરતાં સ્વાર્થને વધારે પ્રિય માની પોતાનું જ્ઞાન પ્રસિદ્ધિમાં મુકવાની ઇચ્છા નહિ કરી હશે. આવા મહાશયોને ફરીથી એકવાર વિનતિ કરવાના કે તેઓની જાણમાં જે કોઈ જડીબુટ્ટી સંબંધિ વિશેષ જ્ઞાન હોય તો તે લખી મોકલવા કૃપા કરશે કે જે યોગ્ય જણાશે તો હવે પછીના આવૃત્તિમાં તેઓશ્રીના નામ, ઠામ સાથે પ્રસિધ્ધ કરવામાં આવશે.

દરેક સુજ્ઞે એ વાત ભુલવી જોઇતી નથી કે આ જગતમાં માનવ દેહ દુર્લભ ગણાવાનું કારણ માત્ર એટલુંજ છે કેઃ—મનુષ્ય જો ધારે તો યોગ્ય પ્રયત્નથી પ્રાણી માત્ર ઉપર મહદુપકાર કરી શકે છે, અને તેથી મનુષ્ય દેહ પ્રાપ્ત કરીને જેઓ આ જગત ઉપર કંઇ પણ ઉપકાર કરી શકતા નથી તેઓનું જીવન વ્યર્થ છે.

પોતાની પાસે કંઇપણ લોકોપયોગી અદ્‌ભુત વિદ્યા હોય તો તેને છુપાવી રાખી દેહની સાથેજ ચિતામાં ભસ્મીભૂત થઇ જવા દેવામાં શું લાભ છે? આપણા જાતી ભાઇઓના હિતને માટે તેને પ્રસિધ્ધિમાં મુકવાની શું આપણી ફરજ નથી? ત્યારે શું તેવી વિદ્યા પ્રસિદ્ધિમાં મુકવાથી પોતાનો ધંધો ભાગી પડવાની શંકા ઉદ્‌ભવે છે? જો તેમજ હોય તો તે શંકા તદન ભ્રમ માત્રજ છે. કારણ કે જે ઝરણાનું જળ વહેતું હોય તેજ નિર્મળ રહી વૃદ્ધિ પામે છે, પરંતુ ખાબોચીયાના રૂપે એકજ સ્થળે ભરાઇ રહે છે તેમાં અનેક પ્રકારનો મેલ ઉત્પન્ન થઇ અંતે નાશ પામે છે. આપણા પૂર્વજો પ્રાચીન ઋષિ મુનિઓ જો આજકાલના જેવી સંકુચિત મનોવૃત્તિવાળા હોત તો તે-

ઓએ કરેલી મહાન શોધોને વિધવિધ પુસ્તકોરૂપે પ્રસિદ્ધિમાં મુકી તેનો જે વારસો આખા જગતને આપેલો છે તે કદી આપતજ નહિ, અને જો તેમ બન્યું હોત તો આજે આપણે જે જ્ઞાન ધરાવીએ છીએ તે અસ્તિત્વમાં હોત નહિ. આપણા પૂર્વજોએ શોધેલી અનેક વિદ્યાકળાઓનો ઘણો ભાગ તો કાળ ચક્રની વિષમ ગતિને લેઈ નષ્ટ પ્રાય થઇ ગયો છે, અને હવે માત્ર તેના જુજ કણોજ આપણી પાસે રહેલા છે, માટે સંકુચિત વૃત્તિ રાખી તેઓનો પણ હવે નાશ કરવો એ કોઇપણ રીતે શ્રેયસ્કર નથી.

વળી એક વાતનો ખુલાસો કરવો અહીં રહી જાય છે અને તે એ છે કે:—કેટલાએક મહાશયોએ પત્ર દ્વારા લખી જણાવ્યું હતું કે તેઓને અમુક જડીબુટ્ટીનું અકસીર જ્ઞાન છે, પરંતુ જો તમો તેની કિંમત બદલ અમુક દામ મોકલાવો તો લખી મોકલીએ. આવા મહાશયોને માત્ર એટલુંજ જણાવવાનું કે જો એકજ જડીબુટ્ટીની કિંમત સો, બસો રૂપિયા ગણવામાં આવે તો પછી તન, મન અને ધનના અથાગ ભોગે પ્રાપ્ત કરેલી અનેક જડીબુટ્ટીઓ જેમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે તેવા આ પુસ્તકની કિંમત માટે શું સમજવું? પરંતુ "**परोपकाराय सतां विभूतयः**" એ સુત્રને ધ્યાનમાં રાખી જેવી વૃત્તિથી અમે શ્રમ કરીએ છીએ, તેવીજ રીતે જો ઇચ્છા થાય તો પરોપકાર વૃત્તિથી તેઓ પણ કાર્ય કરશેજ, અને તેમ નહિ તો ધન લોભે જીવન પર્યંત છુપાવી રાખેલું જ્ઞાન છેવટે લાચારીથી સ્મશાન ભૂમિને તો સોંપશેજ. એજ. સુજ્ઞેષુના કિમ બહુના.

જન્માષ્ટમી સં. ૧૯૭૪ — ભવદીય,

વડાગામ. — વૈદ્યશાસ્ત્રી શામળદાસ સેવકરામ.

દરદો અને તેના અનુભવિક ઉપાયો.

चिकित्सातत्व सुधासिन्धु.

કેટલાંએક દરદોની નિવૃત્તિ જ્યારે આયુર્વેદિક ઔષધોથી વધારે સારી રીતે થઇ શકે છે, ત્યારે કેટલાંએકની નિવૃત્તિ માટે યુનાની, એલોપેથીક, હોમીઓપેથીક વિગેરે વિદેશી ઔષધોની અસર પણ જેવી તેવી નથી. આ ઉપરાંત વળી જડ ઘાલી બેઠેલાં અસાધ્ય દરદો કે જેઓના ઉપર આ બધાં ઔષધો જ્યારે નિષ્ફળ નીવડે છે, ત્યારે કોઈ કોઈ વૈદ્યો, ડૉકટરો કિંવા સાધુ, સંત, મહાત્માઓ પોતાના ખાસ ઉપચારથી થોડાજ સમયમાં તેવાં દરદોને એવી તો રીતે નાબુદ કરે છે કે જે દેખી આશ્ચર્ય ચકિત થઇ જઈએ છીએ. આ બધા ઉપરથી સમજાય છે કે ચિકિત્સા શાસ્ત્રમાં પૂર્ણ પ્રવીણતા પ્રાપ્ત કરી જેણે ઉત્તમ વૈદ્ય કે ડૉકટર બનવું હોય તેણે વૈદક શાસ્ત્રની માત્ર એકજ પદ્ધતિનું નહી પરંતુ આ સમગ્ર ઉપાયોનું જ્ઞાન અવશ્ય સંપાદન કરવું જોઇએ.

વૈદક શાસ્ત્રની પૃથક્ પૃથક્ પદ્ધતિઓનું જ્ઞાન આપે એવાં પુસ્તકો તો અનેક છે. પરંતુ જેના અધ્યયનથી બધી પદ્ધતિઓનું સંપૂર્ણ રહસ્યમય જ્ઞાન થાય એવાં પુસ્તકોની ખોટ છે, વળી ખાસ ઉપચારોનો વિષય તો એવો ગુહ્ય છે કે તેની જેઓને માહીતી હોય છે તેઓ પ્રાણાંતે પણ બીજાને બતાવતા નથી. અને તેથી આ બધા ઉપાયો જો એકજ પુસ્તક રૂપે પ્રગટ થાય તો જનસમાજને અત્યંત લાભ થાય એમ ધારી આ પુસ્તક લખવામાં આવ્યું છે, જેમાં દેશી વિદેશી વૈદક શાસ્ત્રના છેલ્લામાં છેલ્લા નિર્ણય પ્રમાણે દરેક રોગો ઉત્પન્ન થવાનાં કારણો, પૂર્વ રૂપો, ઓળખવાનાં લક્ષણો, સાધ્યાસાધ્ય

વિચારો પથ્યાપથ્ય નિર્ણયો વિગેરે બાબતોની સ્પષ્ટ સમજણ આપ્યા બાદ તે, તે દરદોની નિવૃત્તિ માટે એવાં તો અનુભવ સિદ્ધ પ્રત્યક્ષ ફળદાયક ઔષધો, એવી તો અમોઘ જડીબુટ્ટીઓ, એવી તો શુભ ક્રિયાઓ આપવામાં આવી છે કે જે રામબાણની માફક કદી પણ નિષ્ફળ ન જાય તેવું કાર્ય કરે છે.

આ પુસ્તકનાં વિશેષ વખાણ ન કરતાં માત્ર એટલુંજ કહેવાનું અમે સાહસ કરીએ છીએ કે નિદાન અને ચિકિત્સા વિષયનું ઉંચા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનારને આ કરતાં બીજું કોઇ પણ ઉત્તમ પુસ્તક મળી શકશે નહિ. એટલુંજ નહિ પરંતુ આ ગ્રંથમાં કહેલી પદ્ધતિ મુજબ દરદીઓની સારવાર કરવાથી સૃષ્ટિમાથી અકાળ મૃત્યુ અને જીર્ણ દરદોની સંખ્યા પણ ઘણી ઓછી થઇ જશે.

હાલમાં આ પુસ્તક લખાય છે જે આવતા એપ્રીલમાં ગ્લેઝ કાગળો ઉપર છપાઇ પાકા પુંઠાથી બંધાઇ બહાર પડશે. કિંમત રૂ. ચાર રાખવામાં આવશે, તો પણ એ મુદત પહેલાં જેઓ પોતાનું નામ અગાઉના ગ્રાહક તરીકે નોંધાવશે તેઓને ત્રણ રૂ. કિંમતથી મોકલવામાં આવશે. પોષ્ટેજ દરેકના માટે જુદું સમજવું.

મેનેજર વિદ્યાકળા પ્રચારક મંડળ.

વડાગામ–વાયા–તલોદ. એ. પી. રેલવે.

પ્રાચિન મહાત્માઓની
અલૌકિક વિદ્યાઓ.

ભાગ ૨ જો.

આ પુસ્તકનો પ્રથમ ભાગ વાંચ્યા પછી બીજો ભાગ બહાર પડેલો જોવાને ઘણા ગ્રાહકોએ જીજ્ઞાસા બતાવ્યાથી આ ભાગ લખવામાં આવે છે, જેમાં કાળજ્ઞાન એટલે દરેક મનુષ્યનું મરણ કયારે થશે તે જાણવાની વિદ્યા, નિધિ દર્શન એટલે જમીનમાં દટાએલું ધન જાણવાની વિદ્યા, જળશીરાજ્ઞાન એટલે કુવા કરતા અગાઉ જમીનની અંદર પાણી કેટલું અને કેટલા અંતરે આવશે તે જાણવાની વિદ્યા, સુવર્ણ સિદ્ધિ એટલે બનાવટી સોનુ, રૂપું બનાવવાની વિદ્યા, આશ્ચર્ય યોગ રત્નમાળા એટલે અનેક ચમત્કારી પ્રયોગો કરવાની વિદ્યા વગેરે અનેક અલૌકિક વિદ્યાઓનું સરળ અને સ્પષ્ટ રીતે વર્ણનકરવવામાં આવશે, તે આવતા વર્ષના જુન માસમાં બાહાર પડશે. અને અગાઉના ગ્રાહક પાસેથી એક રૂપિયો અને પાછળથી મંગાવનાર પાસેથી રૂપિયો દોઢ કિંમત લેવામાં આવશે: પોષ્ટ ખર્ચ જુદું.

નામ નોંધાવાનું તથા મળવાનું ઠેકાણું:—

વિદ્યાકળા પ્રચારક મંડળ.

વડાગામ વાયા તલોદ. એ. પી. રેલવે.

જંગલની જડીબુટ્ટી.

પ્રથમ ભાગ.

रागादिरोगान्सततानुषक्ता ।
नशेषकायप्रसृतानशेषान् ॥
औत्सुक्यमोहारतिदाञ्जघान ।
योपूर्ववैद्यायनमोऽस्तुतस्मै ॥

વિશ્વોત્પત્તિની સાથેજ ઉત્પન્ન થઈ સદૈવ શરીરમાં નિવાસ કરી રહેલા વિષય, મોહ અને ગ્લાનિને આપવાવાળા કાયિક તેમજ રાગ, દ્વેષ, લોભ, મદ, મમતા વિગેરે માનસિક અશેષ વ્યાધિઓને જેણે સંપૂર્ણ રીતે નાશ કર્યા છે એવા આદિ વૈદ્ય જે ધન્વંતરિ ભગવાન્ તેમને નમસ્કાર હો !

અઘેડો.

સં. અપામાર્ગ, **હિં.** ઓંગા, ચિરચિરા, **મ.** અઘાડા, **બં.** આપાંગ, **ગુ.** અંઘાડી, અઘેડો, **લા.** Achyranthes aspera.

વિવરણ—એના છોડવા ખાસ કરીને ચોમાસામાં વિશેષ ઉ-

ગેલા જોવામાં આવે છે, તો પણ કેટલીએક જગ્યાએ તે બારે માસ પણ હોય છે. એની ઊંચાઈ એકથી ત્રણ હાથ સુધીની થતી હોય. પાંદડાં લંબગોળ અને છેડે અણીવાળાં હોય છે. પાંદડાંના વચમાં ફુલની એક લાંબી મંજરી નીકળે છે, તેના ઉપર બીજ બેસે છે. એના છોડવાઓમાં બે જાતિ થતી હોઈ એક જાતના થડનો તેમજ પાંદડાંનો રંગ રાતો હોય છે, અને બીજી જાતનો રંગ લીલો કે ધોળાશ લેતો હોય છે. લાલ જાતને જે ફળો આવે છે તેઓના ઉપર કાંટા જેવું હોય છે, એ ઉપરથી એ જાત લાલ અંધેડો અથવા તો કાંટાવાળી અંધાડીના નામથી પ્રસિદ્ધ છે. આ વનસ્પતિ દરેક સ્થળે થતી હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે, જેથી વિશેષ વર્ણનની જરૂર નથી.

ગુણદોષ—અધેડો અગ્નિકારક, તીક્ષ્ણ, નસ્ય લેવાથી માથાના કૃમિઓને દુર કરનાર, ઊલટી લાવનાર, રક્તસ્તંભક, રક્તાતિસાર દુર કરનાર તથા દાદર, ખરજ અને કફને ટાળનાર છે.

"શોઢલનિઘંટ."

ઉપયોગ—અધેડો એ એક દીવ્ય ઔષધ ગણાય છે, કેમકે "**दीव्यौषधिना बहवो प्रभेदाः**" એ કથનાનુસાર માત્ર એકજ વનસ્પતિના ઉપયોગથી સેંકડો વ્યાધિઓ દુર કરવાની અને સેંકડો સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની જે અલૌકિક શક્તિ દીવ્યૌષધિઓમાં મનાય છે, તે શક્તિ એમાં એવી રીતે રહેલી છે કે તેના કેટલાએક ગુણોને જોઇને તો ખરેખાત્ આશ્ચર્ય ચકિતજ થઇ જવાય છે. એનાં બીજનું ચૂર્ણ કરી નાકે સુંઘવાથી માથાની અંદર રહેલો કફ પાતળો થઇને નીકળી જાય છે. તેમજ ત્યાં આગળ ઉત્પન્ન થયેલા કીડાઓ પણ

પડી જાય છે, અને તેથી માથાનો દુઃખાવો, જડતા, પીનસ, આદા-શીશી વગેરે દરદો દુર થાય છે. આની રીતે શિરો વિરેચન—એટલે નાકવાટે માથાનો કફ નીકળી જવાને માટે સળેખમ ઉત્પન્ન કરી તેના યોગે માથાનાં જીર્ણ દરદોને નાબુદ કરવાની ક્રિયા હજુ ડૅાક્ટરોથી અજાણુ છે. કેટલાએક વૈદ્યો આ કાર્યને માટે એકલા અઘેડાનાં બીજના બદલે અઘેડાનાં બીજ, વાવડીંગનાં તાંદળા, સુંઠ, મરીઆં, લીંડીપીપર, હળદર, દારૂહળદર, સરગવાનાં બીજ, ઊભી રીંગણીનાં બીજ, સરસડાનાં બીજ, સિંધાલુણ, જેઠીમધ, એલચી, દીકામારી, તુળસીનાં બીજ, નગોડનાં બીજ, માલકાંકણીનાં બીજ, રાઈ, કાળીજીરી, અને અજમો એ ચીજો સરખા ભાગે લેઇ બનાવેલા ચૂર્ણનો પણ ઉપયોગ કરે છે, કોઈ કોઇ વૈદ્યો વળી અઘેડાનાં બીજ, નાગકેસર અને મોરથુથુ એ ત્રણે ચીજોને સરખા ભાગે લેઈ બનાવેલા ચૂર્ણને સુંઘાડીને નાકમાં પેંદા થયેલા મસાનું દરદ નાબુદ કરે છે. એનાં પાંદડાંનો રસ ગ્રાહી હોવાથી રક્તપ્રદર તથા રક્તાતિસારને દુર કરે છે એટલુંજ નહિ પરંતુ શરીરનો કોઇ પણ ભાગ કપાવાથી તેમાંથી લોહી વ્હેતું હોય તો તે ભાગ ઉપર એ રસ ભરવાથી તત્કાળ લોહી વ્હેતું બંધ થાય છે. એનાં બીજને વાટીને સવાર, સાંઝ ૦। તોલા જેટલાં લેઇને ચોખાના ધોવરામણ સાથે પીવાથી અર્શમાંથી પડતું લોહી બંધ થાય છે. એ બીજ પચવામાં ઘણાં ભારે હોવાથી જોગી, જતી લોકો તેની ભેંસના દુધમાં ખીર રાંધીને ખાય છે જેથી ઘણા દિવસો સુધી તેમને ફરીથી ખોરાક લેવાની જરૂર રહે નહિ એવી રીતે ભૂખની શાન્તિ થાય છે. એનાં બીજ જ્યારે પચવામાં ભારે છે, ત્યારે મૂળીયાં જઠરાગ્નિને પ્રબળ કર-

વામાં અને અપક્વ વસ્તુઓને પચાવવામાં શ્રેષ્ટ હોવાથી તેઓનો અજીર્ણ, વિશુચિકા વિગેરે રોગોની નિવૃત્તિ માટે ઉપયોગ કરવામાં આવે છે. એના પંચાંગને એટલે મૂળ, ફળ, ફુલ, ડાંડી તેમજ પાંદડાં યુક્ત આખા છોડવાને બાળીને કરવામાં આવેલી રાખને ચારગણા પાણી સાથે મેળવી સારી પેઠે ચોળી મસળીને બાર કલાક રહેવા દેઇ રાખનો ભાગ જ્યારે સંપૂર્ણ રીતે નીચે બેસી જાય ત્યારે પાણીને નીતારી લેઈ ચુલે ચઢાવી ઉકાળવાથી જળનો ભાગ બળી જઇને છેવટે જે ક્ષારનો ભાગ શેષ રહે છે તે ક્ષારમાં કફની ચીકાશ તોડવાનો ઉત્તમ ગુણ હોવાથી એના ઉપયોગથી બળખા સહેલાઇથી નીકળી આવે છે, વળી એ ક્ષાર મૂત્રલ હોવાથી મૂત્રકૃચ્છ, જળોદર તેમજ ગોળાના દરદમાં પણ સારી અસર કરે છે અને તે દર ટાઇમે એકથી બેવાલ જેટલો આપવામાં આવે છે. આ ક્ષાર યુક્ત પાણીમાં મૂળાનાં બીજ વાટીને ચોપડવાથી શરીર ઉપર નીકળેલા કરોળીઆ નાબુદ થાય છે.

"જોહરે હિકમત" નામની કીતાબનો કર્તા જણાવે છે કેઃ—સિંધાલુણ, સંચળ, સાંભર લુણ, બીડલુણ, સમુદ્રનું મીઠું, જવખાર, સાજીખાર, કળીચુનો, તાડનો ખાર, કેળનો ખાર, આકડાનો ખાર, ખાખરાનો ખાર, આમલીનો ખાર, મૂળાનો ખાર અને અઘેડાનો ખાર એ દરેક એક એક તોલો, ફુલાવેલો ટંકણખાર બે તોલા, સુરોખાર ૦। તોલો, કાળાં મરીઆં અઢી તોલા, શેકેલું જીરૂં બે તોલા, અસાળીઓ બે તોલા, અને લીંડીપીંપર ત્રણ તોલા એ બધાનું બારીક ચૂર્ણ કરી એક બાટલીમાં નાંખી તેમાં આદુનો રસ, કુંવાર પાડાનો રસ તથા ખાટાં લીંબુનો રસ એ દરેક ચીજ ચાળીશ, ચાળીશ તોલા રેડી પાંચ સાત દિવસ તડકે રહેવા દેઇ પછી તેમાંથી દરરોજ

સવાર, સાંઝ ૦। થી એક તોલા જેટલું પીવાથી ચુંક, શૂળ, પીડ, બરોળ, લીવર, વાયુગોળો, કોલેરા, જળોદર વિગેરે દરદો નાબુદ થાય છે, એનાં પાંદડાં અને મરીઆં એ બે ચીજો સરખા ભાગે લેઇ સાથે વાટીને ગોળમાં ચાર, ચાર ઘઊં ભારની ગોળીઓ બનાવી ટાઢીઆ તાવ ઉપર વાપરવાથી ક્વિનાઇનની માફક તાવને અટકાવવાનું કાર્ય બજાવે છે. રાત્રિએ ભોજન લીધા પછી સુવાના સમયે દરરોજ એનાં એક તોલો મૂળીઆં ચાવી જવાથી થોડાજ સમયમાં રતાંધળાપણું દુર થાય છે, આંખમાં પડેલું ફુલું નાબુદ કરવાને માટે એના મૂળને પાણી કિંવા મધ સાથે ઘસીને તેનું અંજન કરવામાં આવે છે, એટલુંજ નહિ પરંતુ જો એનાં પાંદડાંના રસમાં ફટકડીને ઘસીને તેનું આંખમાં અંજન કરવામાં આવે છે તો તેના લીધે આંખ દુઃખવા આવીને તેની અસરથી થયેલા કેટલીએક જાતના નેત્ર રોગો ટળી જાય છે એનાં પાંદડાંને વાટીને પોટીસ બનાવી ભમરા, મધમાખી અને એવાંજ બીજાં જીવડાઓના ડંખ ઉપર લગાડવામાં આવે છે, તેમજ હડકાયા કુતરાનું ઝેર ન ચઢે એટલા માટે દરરોજ એનાં એક તોલો મૂળીયાંને કુટીને મધ સાથે આપવામાં આવે છે અને કરડની જગ્યાએ કુંવરના પાઠનો ગર્ભ અને સિંધાલુણ સાથે મેળવીને બાંધવામાં આવે છે. આ પ્રમાણે ત્રણ દિવસ કરવાથી ઝેરની નિવૃત્તિ થયેલી મનાય છે. વળી ઊંદરના દંશ માટે એનાં બીજનું ચૂર્ણ દર વખતે ૦। તોલા જેટલું લેઈ મધ સાથે સાત દિવસ પર્યંત સવાર, સાંઝ આપવામાં આવે છે.

એનાં મૂળને સુતરના દોરા સાથે સ્ત્રીની કમરે બાંધવાથી જલદી

પ્રસવ થાય છે, વળી એના છોડવાનો રસ કાઢીને તેની જો ગર્ભાશયની અંદર પીચકારી મારવામાં આવે તો ઘણી ઝડપથી વીણુ આવવી શરૂ થાય છે. ડૉકટર યુ. સી. દત્ત કહે છે કે બંગાળાની સ્ત્રીઓ ગર્ભપાતને માટે એનો ઉપયોગ કરે છે, અને તે કાર્ય માટે એની ફુલ વાળી ડાળીઓ ગર્ભાશયની અંદર રાખે છે. મેઝર મોઇદીન કહે છે કેઃ—એની ફુલવાળી ડાળીઓ ઉપર વીંછીને મુકવામાં આવે છે, તો તેને પક્ષઘાત થાય છે અને તેથી તે ચાલી શકતો નથી. રાજવૈદ્ય સંત શરણ કહે છે કે એનાં પાંદડાંનો રસ હાથમાં ચોપડીને પછી જો વીંછીને હાથમાં લેવામાં આવે છે તો તે ગમે તેવો ડંખ મારે તો પણ તેનું ઝેર ચઢતુ નથી, એનાં પાંદડાંનો રસ કાઢીને જ્યાં સુધી વીંછીનું ઝેર ચઢયું હોય ત્યાં આગળ લીટા કરવાથી વિષ નીચે ઉતરવા માંડે છે. જેમ જેમ ઝેર નીચે ઊતરતું આવે તેમ, તેમ લીટા પણ નીચે નીચે કરતા આવવું, અને એમ કરવાથી જ્યારે ઝેર છેક ડંખમાં આવે ત્યારે તે જગ્યાએ એનાં પાંદડાંની લુગદી બાંધવાથી ડંખમાંથી પણ વેદના દુર થાય છે. "મુજરરબાત અકબરી" નામની કીતાબનો કર્ત્તા કહે છે કેઃ—બહારથી આમ ઊપચાર કરવાની સાથે અંદરના ઉપચાર તરીકે તેનાં થોડાં એક મૂળીઆં અગર તો પાંદડાં ચવડાવ્યાં હોય તો તરત આરામ થાય છે. આ કામ માટે સદરહુ હકીમ લાલ જાતની અંધાડીને ઉત્તમ માને છે. અમે પણ ઘણા કેશોમાં આ પ્રયોગનો અનુભવ લીધેલો છે.

"તિબ્બે નાદીરા" નામે કીતાબનો કર્ત્તા જણાવે છે કેઃ—એની જડમાં કફની ખાંસી અને દમને નાબુદ કરવાનો અજબ ગુણ

સમાએલો છે, એના આખા છોડવાની રાખ દશ તોલા જેટલી લેઈ તેમાં બે તોલા સિંધાલુણ, બે તોલા સંચળ, બે તોલા જવખાર, બે તોલા નવસાગર, ત્રણ તોલા હળદર અને દશ તોલા અજમાનું ચૂર્ણ ઊમેરી પછી તેમાંથી દરરોજ સવાર, સાંઝ પંદરથી વીશ ઘઉં-ભાર જેટલું પાણી સાથે લેવાથી કફની ખાંસી દુર થાય છે અને એનાં મૂળીઆંનું ચૂર્ણ દર વખતે ૦।।। તોલા જેટલું લેઇ તેમાં સાત મરી-આંનું ચૂર્ણ ઊમેરીને ઠંડા જળ સાથે લેઈ કલેજા અને કંઠ ઊપર ઘીનું માલીસ કરવાથી તથા ખોરાકમાં માત્ર ઘઊંની રોટલી, દુધ અને ભાત એટલીજ ચીજો ખાવાથી દમનું દરદ બે વર્ષનું જુનું હોય તો પણ દુર થાય છે. આ પ્રયોગ સાત દિવસ સુધી કરવાનો છે, અને તે ચાલતો હોય છે તે સમયમાં દરદીને ઊલટી પેદા થાય છે પરંતુ તેથી ડરવાનું નથી. જો યથા વિધિ પ્રયોગ કરવામાં આવે છે તો દર સો દરદીઓમાંથી નેવુંને તો અચૂક ફાયદો થાય છેજ એમ અનુભવમાં આવ્યું છે.

દરરોજ રાત્રિએ એનાં એક તોલો બીજને દશ તોલા છાસ સાથે ભીંજાવી રાખીને પછી સવારના એજ છાશ સાથે ખરલ કરીને પીવાથી ઊલટી થઇ તે દ્વારા કોપાયમાન થએલું પીત્ત નીકળી જાય છે અથવા તો તેનું શમન થાય છે અને તેથી કમળો, અમ્લપીત્ત વિગેરે દરદો શાન્ત થાય છે.

વૈદ્યકશાસ્ત્રમાં લખાએલા આ ઔષધિના અસંખ્ય ગુણો પૈકી કેટલાએકનું અત્યાર સુધીમાં વિવેચન કરવામાં આવ્યું છે, પરંતુ હવે જડીબુટ્ટીની રીતે અનુભવેલા ગુણોનું વર્ણન કરીએ.

ચાંદીની ભસ્મ—માથે મુકવાની પાઘડીમાં જે સોનેરી કસબ વાળા છેડા આવે છે, તેવા જુના છેડા એકઠા કરીને બાળી નાંખવાથી પરચુણ દ્રવ્યો બળી જઈને બાકી રહેલા ચાંદીના જે બળેલા તાર હાથમાં આવે તેને અઘેડાના રસમાં એક દિવસ ભીંજાવી રાખવા અને ત્યારબાદ અઘેડાના છોડને વાટીને કરેલી લુગદીમાં તે તારને મુકી બે શરાવલાંના સંપુટમાં ઘાલી કપડ માટી કરીને અડધા ગજ પુટ જેટલો તેને અગ્નિ આપવો, અને તે અગ્નિ ઠંડો પડે એટલે ફરીથી બીજી લુગદીમાં મુકીને અગ્નિ આપવો. આ પ્રમાણે ત્રણ, ચાર વખત અગ્નિ આપવાથી ચાંદીની ભસ્મ તૈયાર થાય છે. આ ભસ્મ રંગમાં કંઈક કાળી થાય તો તેને એકાદ વખત આંબલીનાં પાંદડાંના રસ સાથે ફુંકવાથી સફેદ થાય છે.

ત્રાંબાની ભસ્મ—અઘેડાનાં મૂળીઆંની લુગદીમાં શુદ્ધ કરેલાં ત્રાંબાનાં પતરાંને રાખીને તેના ઉપર કાપડ માટી કરીને પછી ગજપુટમાં ફુંકવાથી બે ત્રણ ભઠ્ઠીમાંજ ભસ્મ થાય છે.

પારદ બંધન—અઘેડાની રાખને એક હાંડીમાં ખુબ દાબી, દાબીને ભરવી અને પછી તે રાખની વચમાં એક ખાડો કરીને તેમાં સવા તોલો પારો ભરીને બાકીનો ખાડો કાળા ભાંગરાના રસથી ભરવો, પછી હાંડી ઉપર ઢાંકણી ઢાંકી કપડમાટી કરી ચૂલે ચઢાવીને તેના નીચે બે પહોર સુધી ધીમી આંચ વાળો અગ્નિ સળગાવવો, તેથી પારો મરણ પામી ધોળા રંગના ખડા જેવો બંધાઇ જશે.

સોમલનું તેલ બનાવવાની રીત—અઘેડાનો ખાર અથવા

તો સોડા એ બેમાંથી એક ચીજ ચાર તોલા જેટલી લેઇને તેમાં સોમલનું ચૂર્ણ આઠ તોલા મેળવીને લોઢાની કઢાઇમાં નાંખીને પછી ચોવીશ તોલા પાણી રેડી ચુલે ચઢાવી ધીમી આંચથી ઊકાળતાં જ્યારે બે તોલા પાણી બાકી રહે ત્યારે તે કઢાઇને અગ્નિ ઉપરથી નીચે ઊતારી લેવી, જેથી કઢાઈ ઠંડી પડતા સુધીમાં પાણીનો ભાગ શોષાઈ જઇ માત્ર સોમલનું પ્રવાહી તેલ બાકી રહેશે, જેને ગળી લેઇને એક શીશીમાં ભરી રાખવું.

ઉપયોગ—વાયુથી શરીરનો જે ભાગ અત્યંત દુઃખતો હોય તેના ઉપર પાંચ તોલા સરસીઆ તેલમાં એક તોલો આ તેલ મેળવીને માલીસ કરવું અને પછી એરંડાનાં ગરમ કરેલાં પાંદડાં બાંધવાં. શ્વાસ અને ખાંસીના દરદીને આ તેલ નાગરવેલનાં પાન ઉપર લગારેક ચોપડીને આપવાથી ઊલટી થઇ કફ દુર થાય છે. ઊલટીનો વેગ જો ન ખમી શકાય એવો વધી પડે તો સાકર નાંખેલું દુધ પીવાંથી શાન્ત થાય છે. વળી આ તેલ એકાદ ચોખાપુર જેટલું લેઇ પતાસા ઉપર નાંખીને ખાવાથી અને તેના ઊપર સારી પેઠે ઘી, દુધનો ખોરાક રાખવાથી નબળી પડેલી મૈથુન શક્તિ સતેજ થાય છે અને ઊપદંશ, ટાઢીઓ તાવ વિગેરે દરદો નાબુદ થાય છે. આ પ્રયોગમાં જો કે આવા ઊમદા ગુણો સમાએલા છે, તોપણ સોમલ એ હળાહળ ઝેર હોવાથી અનુભવી વૈદ્યો સિવાય બીજાઓએ આ પ્રયોગ અજમાવવો નહિ.

ચાંદીની ભસ્મ-દ્વીતિય વિધિ—ચોખ્ખી ચાંદીનાં પતરાં બનાવી અગ્નિમાં તપાવી, તપાવીને એકસો વખત અઘેડાના રસમાં

સુઝાવવાં અને પછી તેનાં પાંદડાંની લુગદીના વચ્ચે એ પતરાંને રાખી તેના ઉપર કાપડમાટી કરીને દશશેર અડાયાં છાણાંની આગમાં ફુંકી દેવાં. આ પ્રમાણે પાંચ, સાત વખત ફુંકવાથી ઊત્તમ ભસ્મ તૈયાર થાય છે પરંતુ આ પ્રમાણે તૈયાર થયેલી ભસ્મમાં કંઇ કાળાશપણું રહેલું જણાય તો તેને આમલીનાં પાંદડાંની લુગદીમાં રાખીને એકાદ, બે વખત ફુંકવાથી શુદ્ધ સફેદ રંગની ભસ્મ તૈયાર થશે.

હરતાલ ભસ્મ—શુદ્ધ કરેલી હરતાળને ચાર પહોર સુધી ઓડી અંધાડીના રસમાં ખરલ કરી ટીકડી બનાવી છાંયે સુકવતાં જ્યારે તે બરાબર રીતે સુકાઈ જાય ત્યારે એક શરાવલામાં અર્ધા ભાગ સુધી અઘેડાની રાખને દાબીને ભરવી, અને તેના ઉપર ટીકડી મૂકી પછી શરાવલાના બાકી રહેલા ભાગમાં પણ સારી પેઠે રાખને દાબીને પૂર્ણ રીતે ભરી તેના ઉપર બીજું શરાવલું ઢાંકી કપડમાટી કરી ગજપુટનો અગ્નિ આપવાથી ઊત્તમ ભસ્મ તૈયાર થશે.

સોમલભસ્મ વિધિ—શુદ્ધ સોમલને ખરસાંડી અને આકડાના દુધમાં એક, એક દિવસ ખરલ કરી ટીકડી બનાવી છાંયે સૂકવી પછી એક હાંલ્લીમાં અઘેડાની રાખ અડધ સુધી ખુબ દાબીને ભરી તેના ઊપર ટીકડી મુકી હાંડીનો બાકીનો ભાગ રાખથી પૂર્ણ કરી ચુલે ચઢાવી આઠ પહોર અગ્નિ આપવાથી ઊત્તમ ભસ્મ તૈયાર થશે.

હજરાયત સિદ્ધિ—રવીવાર અને પુષ્ય નક્ષત્રનો જે દિવસે યોગ હોય તે દિવસે અઘેડાનું મૂળ લાવી રાખવું. આ મૂળના ઊપર રૂ લપેટી ઘી ભરેલા એક કોડીયામાં દીવેટના બદલે મૂકી સળગાવવું અને પછી આઠ, દશ વર્ષની એક છોકરીને તે દીવા સામે બરાબર

દષ્ટિ રાખીને બેસાડવી જેથી તેને વિશ્વ દષ્ટિ પ્રાપ્ત થશે અને તેથી ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન કાળની માનવ શક્તિ બહારની હરકોઈ વાત પુછવામાં આવશે તો પણ તેનો યથાસ્થિત પ્રત્યુત્તર આપશે.

અનંતમૂળ.

સં. સારિવા, હિં. કાલીસર, ગૌરીસર, કરીયાવાસાળી, મ. ઉપરસાળ, બં. શ્યામાલતા, અનંતમૂળ, તે. પલાશગંધી, ગુ. અનંત મૂળ, કપુરી, ઈં. Indian sarsa parilla. ઇન્ડીઅન સારસાપેરીલા, લા. Hemidesmus Indicus.

વિવરણ—એના વેલા કાળાશ પડતા રાતા ઘેરા રંગના થાય છે, અને પાંદડાં જાંબાનાં પાંદડાંને મળતાં ત્રણેક આંગળ લાંબા થાય છે, શીંગો કડાની શીંગોના જેવી આવતી હોઇ બે, બે શીંગો ભેળી હોય છે અને તે ફાટે છે ત્યારે તેમાંથી રૂ નીકળે છે, ફુલો ઉપરથી કાળાં અને નીચેથી સફેદ એવાં હોય છે, પાંદડાંમાં ખડીના જેવા સફેદ લીટા હોય છે. અને તેઓને તોડતાં તેમાંથી દુધ નીકળે છે. એનાં મૂળીઆં વાંકાંચુકાં થતાં હોઈ તેઓના ઉપરની છાલ ઘેરા ભુરા, રંગની ચીરા પડેલી હોય છે. મૂળની અંદરના લાકડાનો ભાગ પીળા રંગનો હોઈ તેમાંથી કપુરકાચલીના જેવી સુગંધિ આવે છે. મૂળનો સ્વાદ જરા ગળપણ સાથે કડુચો લાગે છે. ડુંગરાળ જમીનમાં તેની ઉત્પત્તિ પુષ્કળ પ્રમાણમાં થાય છે, એનાં મૂળીઆં અત્યંત ઊંડાં જતાં હોવાથી

તે 'અનંતમૂળ" ના નામે ઓળખાય છે. કેટલાએક સ્થળોએ તે કાબરવેલ, કાળીવેલ, ઉપલસરી, કિંવા કપુરી મધુરીના નામે પણ ઓળખાય છે.

ઉપયોગ—આ ઔષધમાં રક્ત શોધનનો ઉત્તમ ગુણ રહેલો છે, જેથી વિલાયતી સારસાપરેલાના બદલે તેનો ઉપયોગ થાય છે. એનાં અઢી તોલા મૂળીઆંને કચરીને ચાળીશ તોલા પાણી સાથે રાત્રે ભીંજવી રાખી બીજા દિવસે તે મૂળીઆં નીચોવી પાણીને ગાળી લેવું. આ પાણી આખા દિવસમાં થઈને પી જવાથી હમેંશના કરતાં ત્રણ, ચાર ગણો વધારે પેશાબ ઉતરે છે, શરીરમાં એકદમ પસીનો છુટે છે, સખ્ત ભૂખ લાગે છે, તેમજ રક્તની શુદ્ધિ થાય છે, જેના લીધે મૂત્ર સંબંધિ સઘળા વિકારો, મંદાગ્નિ, ઉપદંશની ગરમી, વિસ્ફોટક, પ્રદર, પ્રમેહ, જીર્ણજ્વર, અરૂચિ, સંધિવા, ખાંસી, દમ, ધાતુક્ષીણતા, અશુદ્ધ પારો સેવન કરવાથી ઉત્પન્ન થયેલા ઉપદ્રવો તેમજ લોહી બિગાડનાં દરદો રામબાણ રીતે નાબુદ થાય છે. પેશાબને છુટથી ઉતારવામાં આ ઔષધ "સ્પિરિટ ઇથિર નાઇટ્રોસી" નામની વિલાયતી દવા કરતાં પણ ઉત્તમ કાર્ય બજાવે છે અને તેથી તામિલ દેશના વૈદ્યો પથરી તથા મૂત્રકૃચ્છ વિગેરે પેશાબનાં દરદોમાં તેનો છુટથી ઉપયોગ કરે છે અને રક્તની અશુદ્ધતા નાબુદ કરવાને માટે પણ આ ઔષધ કોઈ પણ રીતે વિદેશી સારસાપરેલાથી ઉતરતું નહિ હોવાને લીધેજ "ઇન્ડીઅન સારસાપરેલા" ના નામથી બ્રિટિશ ફાર્માકોપીઆમાં દાખલ કરવામાં આવ્યું છે.

દરદી જો મજબુત બાંધાનો હોય તો આ ઔષધિનાં અઢી

તોલાને બદલે પાંચ તોલા મૂળીઆંને કચરી ૮૦થી ૧૦૦ તોલા પાણી સાથે રાતવાસો ભીંજવી સવારના ગાળી લેઇ તે બધું પાણી પણ એક દિવસમાં પાઇ શકાય છે. વળી આ વનસ્પતિનાં મૂળીઆંનો ભૂકો એથી ત્રણ તોલા જેટલો લેઇ અઢી તોલા સાકર અને ત્રીશ તોલા પાણી સાથે એક ઢાંકણું ઢાંકેલા વાસણમાં દશ મિનિટ સુધી ઊકાળી ગળી લીધા પછી તેમાં દુધ મેળવી પીવાથી સ્વાદમાં સુગંધિમાં અને રૂચિમાં ચાહા સાથે એટલું બધું મળતાપણું આવે છે કે અજાણ્યો માણસ તે ખરેખરી ચાહાજ છે એવું માનવાની ભૂલ પણ કરે છે. વળી ખરી ચાહા પીવાથી જ્યારે અનેક પ્રકારના અવગુણો ઉત્પન્ન થાય છે, ત્યારે આ "આયુર્વેદિક ચાહા" પીવાથી અનેક જાતનાં દરદો દુર થાય છે એટલુંજ નહિ પરંતુ ખરી ચાહાનું બંધારણ જો નહિ છુટી શકે એવી ખરાબ હાલતમાં પડ્યું હોય તો તે પણ વગર મુશ્કેલી-એ છુટી જાય છે. આ મિશ્રણ એટલું બધું સ્વાદિષ્ટ થાય છે કેઃ— પોટાસ આયોડીડ નામની ખરાબ રૂચિવાળી દવા પણ તેની જોડે સ-હેલાઇથી લેઈ શકાય છે. આ મૂળીઆં જેટલાં તાજાં હોય તેટલાં વધારે સ્વાદિષ્ટ, સુગંધિયુક્ત અને ગુણકારક થઈ પડે છે, માટે બનતા સુધી તે તાજાંજ મેળવવાં જોઇએ.

અનંતમૂળ દશ તોલા લેઇ સારી પેઠે કચરી સાઠ તોલા પાણી સાથે ઊકાળતાં ત્રીશ તોલા પાણી બાકી રહે ત્યારે નીચે ઊતારી ચાર કલાક ઢાંકી રાખી પછી તે પાણીને ગાળી લેઈ તેમાં સીત્તેર તોલા ખાંડેલી સાકર નાંખી ધીમા તાપે શરબત બનાવવું. આ શર-બત બાળકોને બહુ ફાયદો કરે છે, અને તેથી હાલમાં નીકળેલાં ત્રિ-

વિધ જાતનાં બાલામૃતો પૈકી ઘણાંખરાં તો આ રીતેજ તૈયાર કરવામાં આવેલાં હોય છે.

સારિવાદિ ચૂર્ણ—વીશ તોલા અનંતમૂળ, દશ તોલા શતાવરી, દશ તોલા રાસ્ના, દશ તોલા ચોપચીની, પાંચ તોલા જેઠીમધનાં મૂળ, પાંચ તોલા હરડેદળ, ચાર તોલા વાવડીંગના તાંદળા, પાંચ તોલા મીંઢીઆવળ, ત્રણ તોલા તજ, ત્રણ તોલા ઉપલેટ, એક તોલો લવિંગ, અને અઢી તોલા મોથ એ બધાંને સાથે મેળવીને ચૂર્ણ કરવું. આ ચૂર્ણમાંથી સવાર, સાંઝ ૦૧ તોલા જેટલું ફાકી ઉપર દુધ પીવાથી પ્રદર, પ્રમેહ, જીર્ણતાવ, નબળાઈ, ઝાડાની કબજીઅત, મંદાગ્નિ, નળબંધ વાયુ, આફરો, લોહી બિગાડનાં દરદો વિગેરે દુર થાય છે. પથ્ય પાળવાની જરૂર નથી. પ્રકૃતિને માફક આવે તેવો ખોરાક વાપરવો.

તામ્ર ભસ્મ—ઉપલસરીનાં મૂળ અને ભોંયરીંગણીના પંચાંગને સાથે ખાંડી બનાવેલી લુગદીમાં શુદ્ધ કરેલાં ત્રાંબાનાં પતરાં રાખી કપડમાટી કરી ગજપુટમાં ફુંકવાથી એકાદ, બે પુટમાં ભસ્મ થાય છે, જે ખાંસી, દમ, જીર્ણતાવ વિગેરેમાં સારૂં કામ બજાવે છે. અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરી અજીર્ણ, ચુંક, શૂળ વિગેરેને દુર કરે છે.

અનંતમૂળના ગુણોની દેશી વૈદ્યોના મુખથી પ્રસંશા સાંભળી અનેક વિદેશી ડૉકટરોએ પોતાના દરદીઓ ઉપર અજમાયશ લેવાથી તેઓની ખાત્રી થઈ છે કે છેક અસાધ્ય સ્થિતિએ પહોચેલાં જે જાતનાં લોહી બિગાડનાં દરદો વિલાયતી સારસાપરેલાથી સારાં થતાં નથી

તેઓ આ ઔષધિથી અજબ રીતે સારાં થાય છે અને તેથી તેઓ વિલાયતી સારસાપરેલાના બદલે આ ઔષધ એટલે "ભારતીય સારસાપરેલા" માંથી જે અનેક તરેહની બનાવટો તૈયાર કરી પેટન્ટ ઔષધો તરીકે પોતાના દરદીઓમાં વાપરવા લાગ્યા છે તે પૈકી મુખ્ય બનાવટ નીચે મુજબ છે.

ભારતીય સારસાપરેલા—ચૌદ તોલા અનંતમૂળ, ચૌદ તોલા ચરીઆતુ, અને સીન્કોના કે જેમાંથી ક્વિનાઈન બનાવવામાં આવે છે તેની છાલ ચાર તોલા લેઇ એ બધાંને ખોખરાં કરીને છશેર ગરમ પાણી સાથે ચીનાઇ માટીની બરણીમાં પાંચ, છ કલાક ભીંજવી રાખ્યા બાદ ધીમી આગથી ઊકાળતાં જ્યારે એક શેર પાણી બાકી રહે ત્યારે ઊતારી ગળી લેઇ પછી એ પાણીમાં વિલાયતી સારસાપરેલા એટલે "એક્સ્ટ્રાક્ટ જમેકા સારસાપરેલા લીક્વીડ" ચાર તોલા, રેક્ટીફાઇડ સ્પિરિટ (એ નામનો ઊંચી જાતનો વિલાયતી પીવાનો દારૂ) એક અધોળ અને પોટાસ આયોડીડ ૮૦ ઘઊંભાર મેળવી બાટલીમાં ભરી મજબુત રીતે મુખ બંધ કરવું. આ ઔષધ દરરોજ સવાર, સાંઝ એક રૂ. ભાર જેટલું લેઇ થોડા દુધ કે પાણી સાથે મેળવી પીવાથી પારો ખાવાથી કીંવા બીજા હરકોઈ કારણથી અશુદ્ધ થયેલું રક્ત સુધરી જઇ અનેક દરદો દુર થાય છે.

આકડો.

સં. અર્ક, મ. રૂઈ, મદાર, હિં. આક, લા. Calotropis procera.

વર્ણન—આ ઝાડ દરેક ઠેકાણે થતાં હોવાથી તેનું વર્ણન આપવામાં આવતું નથી, એની લાલ તથા ધોળી એવી બે જાતો થતી હોય લાલ જાત દરેક જગ્યાએ સહેલાઇથી મળી શકે છે માટે અત્રે લખવામાં આવેલા ગુણો લાલ આકડાનાજ સમજવા.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—એનાં મૂળીઆંની છાલ ઈંગ્રેજી દવા આઇપીકાક્યુઆનાની માફક મરડાના દરદ ઉપર ઘણી અકસીર માલુમ પડી છે અને તેથી તેનો નીચે મુજબ ઉપયોગ થાય છે.

આકડાના મૂળની છાલ સોળ તોલા, જીરૂં આઠ તોલા, જવખાર ચાર તોલા, નાગરમોથ આઠ તોલા અને અફીણ ચાર તોલા લેઇ એ સર્વેનું ચૂર્ણ કરી પાણી સાથે ઘુંટી બે, બે રતીની ગોળીઓ વાળવી, અને દિવસમાં ત્રણ વખત એટલે સવારે, બપોરે તથા સાંઝે એ દરેક સમયે એક, એક ગોળી પાણી સાથે લેવી. આ ઔષધ વાપરતા પહેલાં એરંડીઆ તેલનો જુલાબ લેવો, અને કેવળ દુધ, ભાત કે દહીં ભાતનોજ ખોરાક રાખવો જેથી સાદો ઝાડો, મરડો, તેમજ લોહી અને પરૂ પાચવાળો મરડો દુર થાય છે.

ઔષધમાં વાપરવા લાયક આકડાની છાલ ગ્રહણ કરવાની ઉત્તમ રીત એ છે કે ખાસ ઊનાળાની મોસમમાં જેમ બને તેમ મોટા ઝાડનાં જાડાં મૂળ કાઢી લાવી એકાદ, બે દિવસ છાંયડે રાખી મૂકી પછી તેઓના ઉપરની માટી અને ધૂળવાળી નિર્જીવ છાલ કાઢી નાંખી અંદરનાં ભાગની ચોખ્ખી છાલને કુટી કપડછાણ કરી એક મજબુત બુચવાળી બાટલીમાં ભરી રાખવી. બરાબર ચોખ્ખી છાલમાંથી બનાવવામાં આવેલી ભૂકીનો રંગ ચોખાના લોટને મળતો હોય છે અને પોતાનું કાર્ય કરવાની શક્તિ તેમાં યથાસ્થિત રીતે સમાએલી હોય છે.

મરડાના દરદને દુર કરવામાં જેવી અજબ રીતે આ ઔષધિ કાર્ય કરે છે, તેવીજ રીતે શ્વાસ નલિકાનાં દરદો ઊપર પણ તેની અસર ઘણી સરસ થાય છે, વળી તે ઢાલા કફનું શમન પણ કરે છે, અને તેથી ખાલી ઊધરસ, દમ, રક્તપિત્ત, ઊરક્ષત અને ક્ષયની ખાંસીમાં આપવાથી સારો ફાયદો બતાવે છે. આ કામ માટે ખાસ નીચેની બનાવટો વપરાય છે.

આકડાના ફુલનાં રવાયડાં અને સિંધવ એ દરેક ચાર, ચાર વાલ, અફીણ એક વાલ અને અજમો અડધો તોલો એ બધી ચીજો ખાંડી ભેગી મેળવીને તેની ચણા જેવડી ગોળીઓ કરવી. કેટલીએક વખતે દરદીની પ્રકૃતિનો વિચાર કરીને જો ગરમ પડે તેમ હોય તો અજમો નાંખવામા આવતો પણ નથી. આ ગોળીઓમાં આકડો સમાએલો છે, જે ઢાલા કફનું શમન કરે છે અને સિંધાલુણ કફની ચીકાસને તોડીને સેહેલાઇથી બહાર નીકળી આવવા યોગ્ય કરે છે તેથી ઇશ્વરી નિયમ પ્રમાણે શ્વાસોશ્વાસની જે ક્રિયા શરીરમાં ચાલ્યાં કરે છે, તેના લીધે એ કફ બહાર નીકળી આવે છે. આવી રીતે કફ બહાર નીકળતાં વધારે ઊધરસ થવાની જરૂર છે અને વધારે ઊધરસ આવવાથી દરદીની છાતી ન દુઃખે અને તેને વસમુ ન લાગે તેટલા માટે અફીણ જેવી પીડાશામક દવાની તેની સાથે યોજના કરવામાં આવી છે. જ્યારે દમ ચઢે છે ત્યારે ઊલટી કરવાથી કફ બહાર નીકળી જઈ દમની શાન્તિ થાય છે એ વાત જાણીતી છે અને એવોજ વમન ગુણ આકડામાં રહેલો હોવાથી તે તીક્ષ્ણ દમના સોજાને બેસાડે છે. આવી રીતે દમનો જુસ્સો બેસી ગયા પછી ફરીને ન ઊપડે તેના માટે ત્યારબાદ નીચેની બનાવટ આપવામાં આવે છે.

આકડાનાં રવાયડાં એટલે ફુલની મીંજે એકસો પચ્ચીશ અને જાયફળ, જાવંત્રિ, લવિંગ તથા અકલગરો એ દરેક ચીજ એક, એક તોલો લેઇ સાથે મેળવી ખાંડી, ખરલ કરી બે, બે આનીભારની ગોળીઓ વાળવી, અને દરરોજ સવાર, સાંઝ એક, એક ગોળી પાણી સાથે આપવી.

હાલની નવી શોધથી જણાયું છે કે એનાં ફુલોનાં રવાયડાં અને મરીઆં સરખા ભાગે લેઇ પાંચ, પાંચ ઘઊંભારની ગોળીઓ વાળી દિવસમાં ચાર વખત દરેક વખતે એક, એક ગોળી આપવાથી દમ, હીસ્ટીરીયા, વાઈ અને ખેંચતાણનાં દરદોમાં ઘણોજ સારો ફાયદો થાય છે.

વધી ગએલા અજીર્ણના દરદમાં આ ઔષધ ઘણુંજ ગુણકારી છે અને વળી હોજરીમાંના વિદગ્ધ પદાર્થો તથા નહી પચેલા પદાર્થોને પચાવવામાં તથા ઝાડાવાટે બહાર કાઢવામાં ઊત્તમ કાર્ય કરે છે: જેથી ગુલ્મ, ચુંક, ચળ, પીડ, અજીર્ણ વિગેરેના માટે પણ તેનો નીચે મુજબ વિધિથી ઊપયોગ થાય છે.

આકડાના પાંદડાં એકસો, કરંજનાં પાંદડાં એકસો, વરણાની છાલ ચાલીશ તોલા, થોરનાં ડીશં એકસો તોલા, ભોંયરીંગણીનાં ડોડવાં એકસો, કુંવરનું પાઠું આઠ તોલા, ગુગળ બે તોલા, લસણ વીશ તોલા, સિંધવ વીશ તોલા, કાંકચની છાલ વીશ તોલા, સંચળ બાર તોલા, સુંઠ, મરીઆં તથા લીંડીપીંપર એ દરેક સાત, સાત તોલા, કાચલુણ આઠ તોલા, સમુદ્રનું લુણ ચાળીશ તોલા, બીડલુણ ચાર તોલા, અજમો અને અજમોદ એ દરેક બે, બે તોલા, હીંગ ચાર તોલા, જીરૂં ચાર તોલા, શાહજીરૂ ચાર તોલા, રાઈ સોળ તોલા અને ચિત્રો બત્રીશ તોલા લેઇ આ બધાંને ખાંડણીથી ખાંડી તેમાં

બત્રીશ તોલા આકડાનું દુધ અને સોળ તોલા સરસીયું તેલ ઉમેરી એક હાંલ્લામાં ભરવું અને તે હાંલ્લાના મહોડા ઉપર ઢાંકણી ઢાંકી સાંધો બંધ કરી ચુલે ચઢાવી નીચે દેવતા સળગાવવો. જ્યારે બધી ચીજો બળીને રાખ થઈ જાય ત્યારે નીચે ઉતારી એ રાખને બાટલીમાં ભરી રાખવી. અને દિવસમાં ત્રણ વખત દરેક સમયે અડધા તોલા જેટલી લેઈ છાશ સાથે મેળવીને પી જવી.

વિદ્વાન્ ચિકિત્સક રત્ન બંગસેને પોતાના ગ્રંથમાં વર્ણવેલો અ-ર્શના વ્યાધિને નાબુદ કરનારો એક લેપ કે જે ઘણોજ અકસીર હોવાથી **"સીદ્ધલેપ"** ના નામથી ઓળખાય છે તેની બનાવટ આ મુજબ છે.

લીંડીપીંપર, હળદર, શંખની ભસ્મ, સાજીખાર, કણુજીનાં બીજ અને પાંદડાં, સિંધવ, નગોડનાં પાંદડાં, ચણોઠીનાં બીજ, નાગકેસર, મોરથુથુ, ધંતુરો, કુકડાની હગાર, અજમો અને કુકડવેલનાં બીજ એ બધાં સરખા ભાગે લેઇને ચૂર્ણ કરી પછી થોર, આકડો અને ગાયના દુધની ભાવના આપી વારંવાર ખરલ કરીને અર્શ ઉપર લેપ કરવો.

ખાંસી માટે—તેની નીચે મુજબની બનાવટ પણ વપરાય છે.

અજમો આઠ તોલા, હરડેદળ, બીડલવણ, ખેરસાર, સિંધાલુણ, હળદર, ઉપલેટ, ભારંગ મૂળ, એલચી, ટંકણ, કાયફળ, અરડુસી, અ-ઘેડાનું મૂળ, જવખાર, સાજીખાર એ દરેક ચાર, ચાર તોલા અને આકડાનાં ફુલ સોળ તોલા એ બધાંનું ચૂર્ણ કરીને તેને કુંવરનાં રસ-ની ભાવના દેવી. પછી એક હાંલ્લીમાં ભરી મહોડું ઢાંકી કપડમાટી કરી ચુલે ચઢાવી અગ્નિ સળગાવી રાખ કરવી જે મધ સાથે ૦ા થી

Ⅱ તોલા જેટલી ચાટવી.

"ઈન્ડીઅન ડ્રગ્સ એન્ડ પ્લેન્ટસ"—નામે ગ્રંથના કર્ત્તા જણાવે છે કે:—

With black pepper twice a day in jaundice; given in half a seer of whey of milk with half a drachm of sodium carbonate jaundice is said to be cured within a week.

આકડાનાં મૂળની છાલનું ચૂર્ણ દશ ઘઊંભાર, મરીઆંનો ભૂકો દશ ઘઊંભાર અને સોડાબાયકાર્બ અથવા તો ચોખ્ખો સાજીખાર ત્રીશ ઘઊંભાર સાથે મેળવી એક પડીકું કરવું અને વીશ તોલા છાશમાં નાંખીને પી જવું. આ પ્રમાણે દિવસમાં બે વખત લેવાથી કમળાનું દરદ એક અઠવાડીઆની અંદરજ નાબુદ થાય છે એમ કહેવાય છે.

A powder of the dried leaves is dusted on ulcers to promote healthy action or mixed with oil it is applied with a liquid paste to old sores and ulcers.

સુકાં પાંદડાંનું ચૂર્ણ ચાંદી, ચાંદાઓ ઊપર રૂઝ આવવાનું કાર્ય ઝડપથી થવાને માટે ભભરાવવામાં આવે છે અથવા તો તેલ કે મલમ સાથે મેળવીને જુનાં ચાંદાં અને તેના સોજા ઉપર ચોપડાય છે.

જુનાં ચાંદાં કે જે નાડી વ્રણ કિંવા નાસુરના નામે ઓળખાય છે, અને જેનું રસી નીકળવાનું છિદ્ર અત્યંત સાંકડું હોવા-

થી પુરતી રસી નહિ નીકળી શકવાથી સાફ નહિ રૂઝાતાં ભરનીંગળ થયાં કરે છે, અને તેથી છેવટે કંટાળીને શસ્ત્રક્રિયા કરાવવી પડે છે તેના માટે આ અકસીર ઈલાજ છે, કારણ કે આકડાના સ્પર્શથી વ્રણનું છિદ્ર પહોળું થાય છે, અને તેથી તેમાંની રસી ઊંડી ઉતરી નસોમાં ન જતાં બહાર નીકળી જાય છે જેથી વ્રણ રૂઝાઇ જાયછે.

રસી નીકળવાની સાથે રૂઝ આવવાના કાર્યમાં પણ સહાયકારક થઈ પડે તેનાં બીજાં ઔષધોના સંયોગવાળો આ વનસ્પતિનો એક પ્રયોગ "**અનુભૂત યોગ માલા**" નામના ગ્રંથમાં જણાવેલો છે, જેનો અનુભવ લેતાં અકસીર માલમ પડવાથી આ સ્થળે આપવો ઊચિત ધારીએ છીએ.

સરસીયું તેલ સોળતોલા, ગાયનું ઘી આઠ તોલા અને આકડાનાં પાંદડાંનો રસ ૯૬ તોલા સાથે મેળવી ધીમા ધીમા અગ્નિથી ઉકાળતાં જ્યારે રસનો ભાગ બળી જઇને તેલ અને ઘી માત્ર બાકી રહે ત્યારે ઉતારી ગળી લેઈ તે તેલ ગરમ હોય તે વખતે તેમાં આકડાનાં સુકાં પાંદડાંનું કપડે ચાળેલું બારીક ચૂર્ણ ચાર તોલા, પારો અને ગંધક સરખા ભાગે લેઇ સારી પેઠે ઘુંટીને કરેલી કજળી એક તોલો, સિંદુર ૦ાા તોલો, તથા હરતાલ, મનસીલ, હળદર, સોનાગેરૂ અને સરસવનું ચૂર્ણ એ દરેક પણ અડધો, અડધો તોલો મેળવી મલમ ભરવાની બાટલીમાં ભરી રાખવું, અને પછી જ્યારે તેનો ઉપયોગ કરવો હોય ત્યારે ગરમ કરીને ચોપડવું.

આસંધ.

સં. અશ્વગંધા, **હિં.** અસગંધ, **મ.** આસગંધ, કંચુકી, **ગુ.** આહન, આસંધ, આસોંદ, ઘોડાઆહંધ, **લા.** વીથનીઆ સોમ્નીફિરા Withania somnifera.'

વર્ણન—ઘોડા આહંધના છોડવા ચોમાસે ઘણા ઊગી આવે છે, તેમજ ઘણીખરી જગ્યાએ તે બારે માસ પણ હોય છે. એ છોડવા બેથી ચાર ફીટ ઊંચા વધતા હોઇ એમાં રીંગણીની પેઠે કેટલીએક શાખાઓ નીકળેલી હોય છે, એનાં પાંદડાંનો આકાર ઊભી રીંગણીનાં પાંદડાં જેવો હોઈ, ફુલઘંટ જેવા આકારનાં, ઝીણાં પીળાશ લેતા લીલા રંગનાં હોય છે, અને ફળો પોપટીના જેવાં હોય છે. એમાં ચોમાસાની આખરે અને શિયાળાની શરૂઆતમાં ઘણું કરીને ફળ જોવામાં આવે છે.

બજારમાં ગાંધીઓના ત્યાં આસંધના નામથી જે મૂળ વેચાય છે તે આ વનસ્પતિનાં નહિ, પરંતુ તેની પંજાબ તરફ થતી કોઇ બીજી જાતનાંજ છે.

ગુણદોષ અને ઉપયોગ—આ વનસ્પતિના નિઘંટમાં અનેક ગુણો બતાવવામાં આવ્યા છે, પરંતુ શોઢલ નામના વૈદ્યે તેનો એક ખાસ ગુણ બતાવ્યો છે અને તે એ છે કે:—

अश्वगंधा पत्र लेपो ग्रन्थिगण्डापचीहरेत् ॥

આસંધનાં પાંદડાંનો લેપ ગાંઠ, ગલગંડ અને અપચી નામની ગ્રંથીને દુર કરે છે. જો કે શોઢલે તો આ વાત ઘણાં વર્ષો પૂર્વેજ

જણાતી હતી, છતાં તે વિશેષ પ્રસિદ્ધમાં નહોતી; પરંતુ હાલમાં ચાલતી મરકીની ગાંઠ ઉપર એનાં મૂળીઆંનો લેપ અકસીર માલમ પડવાથી "વનસ્પતિશાસ્ત્ર" નામે પ્રસિદ્ધ ગ્રંથના કર્ત્તા પોરબંદર સ્ટેટના ફોરેસ્ટ ખાતાના માજી ક્યુરેટર મહાશય જયકૃષ્ણ ઇંદ્રજી તરફથી સદરહુ સ્ટેટના સને ૧૯૦૩ના ફેબ્રુઆરી માસની ૧૬મી તારીખના ગેઝેટમાં એક જાહેર ખબર પ્રસિદ્ધ થઇ હતી તેનો સાર એવો છે કેઃ—

આશરે સાતેક વર્ષ ઉપર એક જૈન સાધુએ એક જડીનો આશરે બે ઇંચ લાંબો અને દોઢ ઇંચ પહોળો એક કડકો પોરબંદરની પાંજરાપોળના મરહુમ મેનેજર શેઠ જેચંદ સાવડીઆને આપેલો હતો, અને ગમે તેવી ગાંઠ ઉપર એ ચોપડવાથી તે ગાંઠ ફુટી જાય છે અને આરામ થાય છે એમ તેને કહ્યું હતું. એ સાધુ ગયા બાદ કેટલાએક મહીના પછી કમનસીબે પોરબંદરમાં સંવત ૧૯૫૪ની સાલમાં મરકી ચાલી. ત્યારે મરકીની ગાંઠ ઉપર સદરહુ જયચંદ શેઠે એ જડીનો ઉપયોગ કરેલો, જેથી ચાર, પાંચ શખ્સોની ગાંઠો ફુટીને આરામ થએલો. પછી જ્યારે એ જડીનો માત્ર ૦॥ ઇંચ જેટલો કકડો બાકી રહ્યો, ત્યારે તેણે તે વખતના અહીંના ચીફ મેડીકલ ઑફીસર સાહેબ ડૉક્ટર હરી શ્રીકૃષ્ણ દેવને એ કડકો દેખાડ્યો અને તેના ગુણ સબંધિ વાત કરી. ત્યારે તેઓ સાહેબે સદરહુ શેઠને મારી પાસે એ જડીની પરીક્ષા કરાવા સારૂ મોકલ્યા. આ જડી સુંઘતાંજ મને આસંધના મૂળીઆ જેવી વાસ આવી, તે ઉપરથી આ સંસ્થાનના નવા બાગમાંથી આસંધનું મૂળીયું કાઢી મંગાવી એ જડીના કકડા સાથે તેની વાસ, સ્વાદ અને આડો કાપ આઇગ્લાસથી જોઈ મેળવી જોતાં સરખાં લાગ્યાં. જે ઉપરથી આસંધના મૂળનો એક મોટો કકડો જ-

ષચંદ શેઠને એજ રીતે વાપરવા આપ્યો અને ડૉક્ટર સાહેબ દેવ અને કમ્પાઊન્ડર મી. નરોતમે તેમજ આસીસ્ટંટ ડૉક્ટર મી. મણીશંકરે પણ પ્લેગની ગાંઠ ઉપર તેને અજમાવતાં સારી અસર જોવામાં આવી, અને ૧૫ ખારવા, ૪ ભોઈ, ૬ તળીયા, બે સીધી, એક મતવો, ચાર બ્રાહ્મણ અને દશ લુહાણા સારા થયા. વળી સં. ૧૯૫૬ની સાલમાં બીજી વખત અને સંવત ૧૯૫૮ની સાલમાં ત્રીજી વખત મરકી આવી ત્યારે પણ ઘણી ગાંઠો સારી થઇ હતી. વળી આસંધનાં મૂળીઆં મરકીની ગાંઠ ઉપર ચોપડાય છે એ વાત ઘણા લોકોની જાણમાં આવતાં લોકો પોતાની જાતે પણ તેનો ઉપયોગ કરતા હતા.

સને ૧૯૦૨ના ડીસેમ્બર માસમાં અમદાવાદમાં ભરવામાં આવેલા પ્રદર્શનમાં આ મૂળીઆં મુકવામાં આવ્યાં હતાં, અને તે જોવા આવનારા ઘણા વૈદ્યો તથા બીજા ગૃહસ્થોને મરકી ઉપર તેનો ગુણ કેવો છે તે સમજાવવામાં આવ્યું હતું, તેમજ અજમાયશ માટે બે મૂળીઆં વડોદરા કલાભૂવનના રસાયનશાસ્ત્રી મીસ્તર મોતીલાલ છોટાલાલ ત્રિવેદીને આપવામાં આવ્યાં હતાં. જેની અજમાયશ લેઈ સદરહુ રસાયણશાસ્ત્રી પોતાના તા. ૧૩–૧૦–૧૯૦૩ના પત્રમાં લખે છે કે એ મૂળ પાણીમાં ઘસી ચોપડવાથી દશ કેશ સારા થયા છે.

મુંબાઈ સમાચાર વિગેરે કેટલાંએક પત્રોમાં આ મૂળીઆંની જાહેર ખબર છપાવાથી કાઠીઆવાડ, કચ્છ, સિંધ, ગુજરાત, મારવાડ, દક્ષિણ અને ઊત્તર હિન્દુસ્થાનના કેટલાએક ગૃહસ્થો તરફથી આ મૂળીઆં મંગાવવામાં આવતાં આ સંસ્થાન તરફથી તે ખેરાત તરીકે મોકલી દેવામાં આવ્યાં હતાં.

આ મૂળીઆંનો ઉપયોગ કરવાની રીત એવી છે કે તાજાં મૂળીઆંને પાણીમાં ઘસીને તેને ચંદનની માફક ગાંઠ ઉપર ચોપડવાં, તથા ગાંઠની આજુબાજુ જ્યાં સુધી સોજો હોય અગર જગ્યા લાલ થઈ હોય તેટલા સુધી ચોપડવાં. આ લેપ સૂકાયા પછી તણાય છે, અને તેથી ફેલાએલો સોજો અગર ગાંઠ ઘણુંકરીને એક મધ્યબિંદુમાં એકઠો થઇને ઉપર તરી આવે છે. જેમ જેમ ગાંઠ ઉપર આવતી જાય છે તેમ તેમ આજારી બેશુદ્ધિમાં હોય તો શુદ્ધિમાં આવતો જાય છે અને આખરે ગાંઠ પાકી ફુટી જાય છે. આવી રીતે ગાંઠ ફુટયા પછી તેની આજુબાજુએ આ મૂળીઆંનો લેપ અને ગાંઠના મૂખ ઉપર ઘઊંના લોટની પોટીસ મુકવાથી પરૂ ખેંચાઈ નીકળી જાય છે. અને છેવટે સાદા મલમની પટ્ટી લગાડવાથી ગાંઠ રૂઝાઇ જાય છે. મરકીની ગાંઠ ઉપર ચોપડવાને માટે આ દવા ચાલતી હોય ત્યારે પીવાની દવા તરીકે પ્રોફેસર ગજ્જરનું પ્લેગ મીક્શ્ચર અથવા તો બીજી કોઈ યોગ્ય દવા વાપરવામાં આવે તો વિશેષ ફાયદો થાય છે.

ઊંટકંટો.

સં. ઊત્કંટો, **હિં.** ઊંટ કટીરા, **મ.** ઊતાંડી, **ગુ.** ઊંટકંટો, કાંટા શળીઓ, **ઇં.** થિસ્ટલ, **લા.** એકીનોપ્સ એકીનટસ.

વર્ણન—એના છોડવા એકથી અઢી ફુટ સુધી ઊંચા થાય છે, અને તે શિયાળે જોરમાં હોય છે. ઘણા ભાગે એ પત્થર અને રેતીવાળી જમીનમાં ઊગે છે, અને ફુલ ન આવ્યાં હોય ત્યાં સુધી દારૂ-

ડીઆ એંખરાના છોડ જેવા જણાય છે. એનાં ફૂળ, ડાળીઓ, પાંદડાં અને આખા છોડવા ઉપર લાંબા તીક્ષ્ણ કાંટા આવેલા હોય છે. પાંદડાં લાંબાં, કાંટાવાળાં અને કોર ઉપર વિભાગિત હોય છે. ફુલો ફીક્કા જાંબુડા રંગનાં કાંટાવાળી ગોળ દડીમાં આવે છે, અને ફળની ઉપર કાંટાનો ગુચ્છ હોઇ તે દરેક કાંટા નીચે એક, એક બીજ જવના આકારનું પણ તેથી નાનું હોય છે.

ઉપયોગ—છેક પ્રાચીન ગ્રંથોમાં એનું વર્ણન જોવામાં આવતું નથી, પરંતુ મધ્યકાળના વૈદ્યોના સમયમાં તેનો એક ચમત્કારીક ગુણ અનુભવવામાં આવ્યો હતો; અને તે એ હતો કે પ્રસવ સમયે જ્યારે કોઇપણ સ્ત્રી અત્યંત કષ્ટાતી હોય અને અનેક ઉપચાર કરવા છતાં પણ પ્રસવ ન થતો હોય તેવા પ્રસંગે એનાં મૂળ પાણી સાથે ઘસીને એક તોલા જેટલા પ્રમાણમાં પીવાથી તરતજ પ્રસવ થતો હતો. કેટલાએક સમય સુધી આ ઇલાજ ગુપ્તપણે વપરાયા પછી પરોપકારાર્થે શોઢલ નામના વૈદ્યે પોતાના રચેલા નિઘંટ મારફતે પ્રસિદ્ધિમાં મૂક્યો, ત્યારથી આજ સુધી સંસ્કૃત જાણનારા અનેક વિદ્વાન્ વૈદ્યોએ તેનો અનુભવ લીધો છે, તેમજ અમે પણ અનેક પ્રસંગે તેનો ઉપયોગ કરી જોયો છે; અને પ્રસવ સમયના કેટલાએક વિકટ પ્રસંગો કે જેમાં દાયણો નિરાશ થવાથી મીડવાઇફોને બોલાવવાની ધામધુમ ચાલી રહેલી હતી તેવા સમયમાં પણ એના ઉપયોગથી સઘળી મુસ્કેલીઓ દુર થઈ સુખે પ્રસવ થયેલા છે. દરરોજ દૃષ્ટિ આગળ આવતી એક સાધારણ વનસ્પતિમાં પણ આવો દીવ્ય ગુણ સમાએલો છે, એ જાણી દરેક વાંચકને કુદરતની અગાધ લીલાનું ભાન થયા સિવાય રહેશે નહિ.

એરંડો.

સં. એરંડ, **હિં.** અંડ, **મ.** એરંડોલી. **બં.** ભેરંડા, **ફા.** એ-રંજીર, **ગુ.** એરંડો, દીવેલો, **ઈ.** કૅસ્ટર ઑઇલપ્લૅન્ટ **લા.** Ricinis communis.

વિવરણ—એરંડાનાં બીજમાંથી તેલ નિકળતું હોવાથી દરેક સ્થળે તેનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર થાય છે જેથી વિશેષ ઓળખાણ આપવાની જરૂર નથી. એની મોટી તથા નાની એમ બે જાતો થાય છે. મોટી જાત પારસ એરંડાના નામથી ઓળખાય છે. અને નાની જાત એરંડી કહેવાય છે. વળી એના કેટલાએક છોડવાઓના થડનો રંગ લાલ અને કેટલાએકનો ધોળો ભૂરો હોય છે, જેથી પણ તેની લાલ અને ધોળી એમ બે જાતો મનાય છે, પરંતુ એ બધી જાતોના ગુણ દોષ લગભગ એક સરખાજ છે.

ગુણ ધર્મ અને ઉપયોગ—બન્ને પ્રકારના એરંડા મધુર, ગરમ, ભારે તથા શૂળ, સોજા, કમ્મર અને પેડુનાં દરદો, માથાની પીડા, ઉદરરોગ, તાવ, અંડવૃદ્ધિ, શ્વાસ, કફ, આફરો, ખાંસી, કોઢ અને આમ વાયુને મટાડનાર છે એમ ભાવ મિશ્ર વિગેરે પ્રાચીન ગ્રંથકર્ત્તાઓ જણાવે છે, પરંતુ જડીબુટ્ટી સબંધિ શોધખોળ કરનારાઓને તેમાં એ ઉપરાંત નીચેના અદ્‌ભુત ગુણો માલમ પડ્યા છે.

નાશ પામેલું ધાવણ પુનઃ ઉત્પન્ન કરવું—કોઈ, કોઇ સ્ત્રીઓને જ્યારે ધાવણ આવતું એકદમ બંધ પડી જાય છે, ત્યારે ભૂત, પ્રેતના વ્હેમમાં પડી બાધા, આખડી રાખવામાં ફસાય છે, તેવા પ્રસંગે એરંડાનાં પાંદડાં એક બાચકો લેઇ તેને આઠ, દશશેર પાણી

સાથે એકાદ કલાક ઊકાળવાં, અને પછી સ્ત્રીની છાતી ઉપર તે પાણીની પંદર મિનિટ સુધી ધાર કરી ત્યારબાદ એ બફાએલાં પાંદડાંને ઝીણાં વાટી પોટીસ બનાવી છાતી ઉપર લગાડવી જેથી થોડાજ કલાકોમાં ધાવણનો પ્રવાહ શરૂ થાય છે.

ઓસાળનો અકસીર ઇલાજ—ચોમાસાના સમયમાં ખરાબ કાદવમાં ચાલવાથી પગની આંગળીઓ સડી જાય છે જેને "ઓસાળ થયો છે" એવા નામથી લોકો ઓળખે છે, આ દરદ ઉપર એરંડીયું તેલ નીચે બતાવેલાં ઔષધો સાથે વાપરવાથી તુરત આરામ થાય છે.

લોઢાના કાટોડા અને સુકાં આમળાં એ બે ચીજો સરખા ભાગે લેઇ બારીક વાટીને ચૂર્ણ કરવું અને પછી તેને છાશની આછ એટલે ઠરી ગયેલી છાશને હલાવ્યા સિવાય ઉપર ઉપરથી નીતારી લીધેલી પાણી જેવી છાશ સાથે મેળવી લોઢાની કઢાઇમાં નાંખી ધીમા અગ્નિથી ખદખદાવતાં શીરા જેવું થાય ત્યારે ભોંય ઊતારી એક દિવસ રહેવા દેઇ બીજા દિવસે તેમાં એરંડીયું તેલ મેળવીને દરદવાળા ભાગ ઉપર ચોપડવું.

મહીકાંઠામાં આવેલા દધાલીઆ તાલુકાના મહેરબાન ઠાકોર સાહેબ શ્રી અમરસિંહજી સાહેબે આ પ્રયોગનો સેંકડો દરદીઓ ઉપર અનુભવ લીધેલો છે, અને તે દરેક પ્રસંગે એક સરખોજ અકસીર માલમ પડયો છે. બેશક! કોઇ વૈદ્યરાજ અગર ડૉકટર સાહેબના અનુભવમાં આવો રામબાણ પ્રયોગ આવ્યો હોત, તો તેને પોતાની એક પેટન્ટ દવા બનાવી પૈસા પ્રાપ્ત કરવાનો અચ્છો તડાકો જમાવ્યો હોત! પરંતુ સદરહુ ઠાકોર સાહેબે સ્વાર્થ કરતાં પરમાર્થને વિશેષ

ફળદાયક સમજી ખુલ્લા દીલે આ પ્રયોગ અમને બતાવ્યાથી સ્વાર્થ વૃત્તિને અલગી કરી અમારી તરફથી પણ જનહિત કાજે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

અંકોલ.

સં. અંકોટ, **હિં.** ઢેરા, **મ.** અંકોલી, **બં.** આંકડ, **ગુ.** અંકોલ, આંકલો, **તૈ.** ઉડીકે, **લા.** Alangium Lamarckii.

વર્ણન—એનાં ઝાડ આખા હિંદુસ્થાનનાં જંગલોમાં થતાં હોઈ તે પાંચથી પચ્ચીશ ફુટ સુધી ઊંચા વધે છે. એની શાખાઓનો રંગ ઘણું કરીને ધોળો હોય છે, પાંદડાં ચારથી છ ઈંચ લાંબાં અને એકથી બે ઇંચ પહોળાં તથા લીસાં હોય છે, તેઓનો આકાર તળીએથી લાંબી ટુંકી કોરવાળો અને મથાળેથી બુઠ્ઠી અણીવાળો હોય છે. પાંદડાંની ઊપરની સપાટીનો રંગ ફીકો લીલો અને નીચેનો સહેજ પીળાશ લેતો હોય છે. અતિ કોમળપાન ઊપર વાળની રૂંવાટી હોય છે, પાંદડાંનો વાસ ઊગ્ર અને સ્વાદ ખટાશ લેતો કડવો હોય છે. શિયાળો ઉતરતાં એને ખરી ગએલાં પાંદડાંના ખૂણામાંથી ધોળા રંગનાં ઘણું કરી બે, બે ફુલનાં જોડકાં નીકળી આવે છે, જેનો વ્યાસ એકથી દોઢ ઈંચ જેટલો હોય છે, અને સુગંધિ જાઈનાં ફુલોને મળતી હોય છે. ફુલો કાચાં હોય છે ત્યારે લીલા રંગનાં હોય છે, અને ઉપરની છાલ ચીવટ હોય છે; પરંતુ વૈશાખ, જેઠમાં જ્યારે તેઓ પાકે છે ત્યારે જાંબુ જેવાં કાળાં થઈ જાય છે અને છાલ એટલી બધી નરમ થઈ જાય છે કે તેને સહેજ દાબતાં તેમાંથી કાંજી જેવો રસ અને

ગર્ભ બહાર નીકળી આવે છે. એ ગર્ભની અંદર એક ઘેરા ભુરા રંગના કઠીણ ઠળીઓ હોય છે, જેને તોડતાં તેમાંથી એક બીજ નીકળે છે. આ બીજ ઉપરની છાલ પાતળી અને ફીકા બદામી રંગની હોય છે, જેને નખ વડે ખરપી નાંખતાં અંદરથી ધોળા રંગનું રસ ભર્યું અને જાણે તેની અંદર તેલ હોય તેવું મીજ દેખાય છે. ફળનો વ્યાસ ચારથી પાંચ લાઇન અને બીજનો બેથી ત્રણ લાઇન હોય છે. આ ઝાડ ઘણા ભાગે પુષ્કળ કાંટાવાળાં થાય છે.:

ગુણદોષ—વાન્તિકારક, રેચક, શોધક, રોપણ, સ્વેદલ, વિષહર, જ્વરઘ્ન અને સોથઘ્ન.

ઉપયોગ—આ એક દીવ્ય ઔષધિ છે, અને જુદાં જુદાં અનુપાનોથી તેનો નીચે મુજબ ઉપયોગ થાય છે.

સર્પદંશ ઉપર—એનાં મૂળની છાલ દશ તોલા લેઈ અધકચરી ખાંડીને ૧૬૦ તોલા પાણી સાથે ઉકાળતાં ત્રીશ તોલા પાણી બાકી રહે ત્યારે ઊતારી ગાળી લેઈ તેમાંથી દર ૦ા કલાકે પાંચ તોલા લેઈ ગાયના ગરમ કરેલા પાંચ તોલા ઘી સાથે મેળવી પાવાથી સાપનું ઝેર ઉલટીદ્વારા નીકળી જાય છે. આ પ્રમાણે ઝેર ઉતરી જાય નહિ ત્યાં સુધી ક્રિયા ચાલુ રાખવી અને ત્યારબાદ એક અઠવાડીઆ સુધી દરરોજ લીંબડાની ચાર તોલા અંતરછાલને ચોસઠ તોલા પાણી સાથે ઉકાળતાં આઠ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેઇ તેમાં અંકોલનાં મૂળની છાલનું ચુર્ણ પાવલીભાર નાંખી દિવસમાં બે વખત પાવાથી શરીરમાં મંદ સ્વરૂપે રહેલો ઝેરનો શેષ વિકાર પણ નાબુદ થાય છે.

વછનાગ—વધુ પ્રમાણમાં અપાઇ ગયો હોય અને તેથી ઝેરી ચિન્હો જણાતાં હોય તો પણ ઉપર મુજબ વિધિથી તૈયાર કરેલો કવાથ ઘી સાથે ત્રણ, ચાર વખત આપવાથી ઝેરી અસર નાબુદ થાય છે.

હડકાયાં કુતરાંના કરડ ઉપર—પણ સુદર્શન ચૂર્ણ તોલો ૦। અને અંકોલનાં મૂળની છાલનું ચૂર્ણ તોલો ૦। સાથે મેળવી બે પડીકી કરી તેમાંથી સવાર, સાંઝ એક એક પડીકી આપવી, એમ ત્રણ મહીના સુધી સેવન કરવાથી શરીરમાં ઉત્પન્ન થનારાં ઝેરી જંતુઓનો નાશ થાય છે, જેથી હડકવા હાલવાનો ભય રહેતો નથી.

ઊંદરના ઝેરથી—બગડેલા લોહીને સુધારવામાં આ દવા ઘણી અકસીર છે, ઊંદરના ઝેરથી જ્યારે શરીર ઉપર લાલ ચાંદા પડે છે, હાથ, પગમાં સખ્ત દાહ અને ચસકા ઉત્પન્ન થઇ દરદીનું સ્વરૂપ પતના દરદીને મળતું થઇ જાય છે, ત્યારે એનાં મૂળની છાલ પાણી સાથે ઘસીને ચોપડવાથી સખ્ત ઘારાં રૂઝાઇ જાય છે. તેમજ મૂળને પાણી સાથે ઘસીને પીવાથી ઝાડા, ઉલટી થઇ શરીરની અંદર સંચિત થએલું ઝેર પણ નાબુદ થાય છે.

આ ઔષધિથી હડકાયા કુતરાનું, સાપનું, ઊંદરનું અને બિલાડી તથા વછનાગનું ઝેર દુર થાય છે, તે માત્ર તેના ઝાડો; ઉલટી કરવાના ગુણને લીધેજ થાય છે એમ નથી, પરંતુ તેનામાં વિષઘ્ન ગુણ પણ રહેલો છે જેથી વિષ હરવાનું કાર્ય પણ થાય છે.

એના બીજના તેલમાં અદ્દભુત રોપણ ગુણ રહેલે હોવાથી

નહિ રૂઝાતા ઊંડા વ્રણમાંથી કહોવાણનો ભાગ દુર કરી નવું માંસ ઉત્પન્ન કરી એકદમ રૂઝ લાવે છે. આ કાર્ય માટે એનાં બીજનો ભૂકો કરી તેને તલના તેલથી ભીંજવી તડકે રાખી સાત દિવસ સુધી ભાવના આપવી. એક વખત નાંખેલું તેલ શોષાઈ જાય એટલે બીજી વખત નાંખવું. એ પ્રમાણે જેમ જેમ તેલનું શોષણ થતું જાય તેમ તેમ તેલ નાંખતા જવું. દરેક વખતે તેલ બીજનો ભૂકો સારી પેઠે ભીંજાઇને રાબડી જેવો થાય તેટલું નાંખવું. આ પ્રમાણે સાત દિવસ કર્યા બાદ તેને એક કાંસાની વાડકી અગર થાળીમાં ચોપડીને તે થાળીને બીજી એક કાંસાની થાળી ઉપર ઊંધી ઢાંકી જેઠ, અષાઢના સખ્ત તડકામાં મુકવાથી ઉપરના વાસણમાંથી ટપકીને નીચેના વાસણમાં જે તેલ પડે તે એક શીશીમાં ભરી રાખીને ઊપયોગમાં લેવું. નહિ રૂઝાતા ઊંડા જખમમાં આ તેલ લગાડવાથી થોડા સમયમાં પુરેપુરી રૂઝ લાવે છે, માથાના ટાલ વાળા ભાગ ઉપર માલીસ કરવાથી નવા કેશ ઉગી આવે છે, તેમજ હરકોઈ જાતના બીજને વાવવા પહેલાં જો આ તેલનો પટ દેઈ વાવવામાં આવે તો જલદી ઉગી નીકળે છે. વળી અંકોલનાં પાંદડાં, બીજ અને ઘોડાવજ તથા આદુને સાથે કુટી ચૂર્ણ કરી તેને મધમાં કાલવી રાખવું. જેમાંથી દર ટાઇમે ઝાડની ઉમરના પ્રમાણમાં પાંચથી દશ તોલા જેટલું લેઇ પાણી સાથે મેળવી આંબાના ન્હાના ઝાડને પાવાથી એકદમ વધી મોટું થાય છે, તેમજ ફળો પણ જલદી આવે છે.

અંકોલનાં ફુલની સુકાએલી કળીઓ, સુકાં આંમળાં અને હળદર એ બધાં સરખા ભાગે લેઇ ચૂર્ણ કરી તેમાંથી દર ટાઇમે ૦૧ તોલો ચૂર્ણ લેઈ મધ સાથે મેળવીને આપવાથી પંદર દિવસમાં પર-

ચીઓ તેમજ પેશાબદ્વારા થતો પરૂ જેવો સ્રાવ દુર થઈ મૂત્ર નળી સાફ થાય છે. એનાં મૂળીઆની છાલને તડકે સુકવી કપડે ચાળી રાખી મુકવી, જેમાંથી સવાર, બપોર અને સાંઝ એમ ત્રણ વખત દર ટાઇમે બે, બે આનીભાર ચૂર્ણ, મધ અને આદુનો રસ અથવા ચોખાનાં ધોવરામણુ સાથે આપવાથી ઝાડો અને મરડો મટી જાય છે. એજ ભૂકી એક વાલ જેટલી લેઇ તેટલાજ લીંડીપીંપરના ચૂર્ણ સાથે મેળવી મધ સાથે આપવાથી ખાસી મટે છે, અને ઊના પાણી સાથે આપવાથી શૂળ દુર થાય છે. વાવડીંગની મીંજોના ૦ા તોલા ચૂર્ણ સાથે મેળવીને આપવાથી કૃમિનો નાશ થાય છે. પાંચથી દશ ઘઊંભાર જેટલા વજનમાં લેઇ ગરમ પાણી અગર ચાહા જોડે આપવાથી એન્ટીફેબ્રીન નામે અંગ્રેજી દવાની માફક પરસેવો લાવી તાવને ઉતારે છે. અને એથી પાંચ ઘઊંભાર જેટલી આપવાથી વિસ્ફોટક, ઉપદંશ, વાત રક્ત, કોઢ વિગેરે દરદોમા રક્તશોધક કામ કરે છે.

અંકોલનાં મૂળની છાલ, દેવદાર, કાળી પાઢનું મૂળ, કડાછાલ, ધાવડીનાં ફુલ, લોધર, દાડમની છાલ અને રાળ એ બધાં સરખા ભાગે લેઈ વાટી ચૂર્ણ કરી ચોખાના ધોવરામણના પાણીમાં ચણીબોર જેવડી ગોળીઓ કરવી, અને દિવસમાં ત્રણ વખત દરેક ટાઇમે બે ગોળી મધ સાથે ચટાડવી અગર તો ચોખાના ધોવરામણ સાથે આપવી, જેથી ઝાડો, મરડો વિગેરે જલદી નાબુદ થાય છે. એના તેલનું માલીશ કરવાથી હાથરસ વિગેરેથી શિથિલ થએલી જનનેંદ્રિય બળવાન થઇ એક માસમા તેની વૃદ્ધિ થાય છે.

તામ્રભસ્મ—એનાં ફળને વાટી લુગદી બનાવી, તેમાં શુદ્ધ કરેલા ત્રાંબાના કાંટે વિંધાય એવાં પાતળાં પતરાને મુકી કપડમાટી

ફરી ગજપુટનો અગ્નિ આપવાથી એકાદ, બે પુટમાં ઉત્તમ ભસ્મ થાય છે.

સફેદ તામ્રભસ્મ—તીબ્બે અકબરી નામે ગ્રંથનો કર્તા પ્રખ્યાત હકિમ અકબરખાન પોતાના મુજર્રબાત અકબરી નામના પુસ્તકમાં જણાવે છે કેઃ—પ્રથમ અંકોલના એક મુળની છાલ લાવી તેને સુકવી વાટી ચૂર્ણ કરવું, બાદ લગભગ સાથળ જેવું જાડું એક બીજું અંકોલનું લીલુ મૂળ એકાદ હાથ લાંબુ લાવી તેના મથાળે વચમાં એક વીંત ઊંડો ખાડો કોચી તેમાં ચૂર્ણ કરેલી સુકી છાલ અરધ સુધી ભરી તેના ઊપર ત્રાંબાનાં શુદ્ધ કરેલાં પત્રાં રાખી ઉપર બીજું સુકી છાલનું ચૂર્ણ દાબીને ભરવું. ત્યારબાદ તેના ઊપર કપડમાટી કરી એક ગજ લાંબા, એક ગજ પોહોળા તથા તેટલાજ ઊંડા ખાડામાં બકરીની લીંડીઓ અડધ સુધી ભરી તે ઉપર સદરહુ કપડમાટી કરેલું મૂળ મુકી બાકીનો ખાડો પાછો લીંડીઓથી ભરી અગ્નિ સળગાવવો, અને શિતળ થએ ખાડામાંથી મૂળ કાઢી લેઈ તેના ઊપરની કપડમાટી દુર કરી વચ્ચેથી ત્રાંબાનાં પત્રાં સંભાળથી કાઢી લેવાં, જે પતાસાની માફક ફુલી જઈ કાગળની માફક સફેદ રંગનાં થઈ ગએલાં હશે. છતાં કદાચ કંઇ કસર માલુમ પડે તો એજ કૃતીથી તેને ફરી અગ્નિ આપવો. આ ભસ્મ ઘણી ઉત્તમ બને છે અને તે જળોદર, પત, કૃમિ, કોઢ, ઝાડો, મરડો, ખાંસી, દમ, શૂળ વિગેરેમાં યોગ્ય અનુપાન સાથે આપવાથી આબાદ કામ બજાવે છે.

આ કૃતિ પ્રમાણે તામ્રભસ્મ બનાવનારે પ્રથમ ત્રાંબાને સારી રીતે શુદ્ધ કરવું જોઇએ, ત્રાંબાનાં પતરાંને અગ્નિમાં તપાવીને તેલ, છાશ, કાંજી, ગૌમુત્ર, કળથીનો ક્વાથ વિગેરે ચીજોમાં ત્રણ ત્રણ વ-

ખત બુઝાવી શુદ્ધ કરવાનો પ્રકાર વૈદ્યોમાં પ્રચલિત છે. પરંતુ પતરાંના બદલે જો ત્રાંબાનો રસ કરીને બુઝાવવામાં આવે તોજ ઉત્તમ સફેદ ભસ્મ થઈ શકે છે. ત્રાંબુ જલદી નહિ ઓગળતું હોવાથી તેનો રસ કરવામાં મુસ્કેલી પડે છે, માટે દરેક વખતે તેના ભેગો થોડો એક શુદ્ધ સોમલ ઉમેરવામાં આવે તો જલદી રસ થાય છે, સોમલની ધુમાડી આખને લાગે તો નુકસાન થાય છે. માટે સાવચેતીથી કામ કરવું, વળી સોમલના યોગવાળી ભસ્મ અત્યંત ગરમ થાય છે, માટે ઘણી ઓછી માત્રામાં આપવી, અને જો તે સહન થાય તોજ વધારે આપવી. વળી આ ભસ્મ ત્રણ, ચાર અગર તો પાંચ સાત દહાડાથી વધારે વખત સુધી ચાલુ રાખવી નહિ. દરદીને જો દાહ થાય તો ઘી પાવું.

અકોલના બીજનું તેલ કાઢવાની રીત ઉપર બતાવવામાં આવી છે, જેમાં તલના તેલની ભાવના આપી તેલ કાઢવાની વિધિ લખવામાં આવી છે, પરંતુ તલનાં તેલના સબંધ સિવાય સ્વતંત્ર રીતે બીજમાંથી તેલ કાઢવાની રીતો પણ "રસ રત્નાકર" "રસરત્ન સમુચ્ચય" વિગેરે પ્રમાણિક ગ્રંથોમાં દષ્ટિએ પડે છે. એમાંની મુખ્ય રીતો આ પ્રમાણે છે.

અકોલના બીજ ઉપર બદામી રંગનું જે પડ હોય છે તે નખો વડે ખરપી નાંખી અંદરની ધોળી મીંજોને કાઢી, તે મીંજોનાં મ્હોડાં લગારેક ઘસી નાંખવાં. પછી તે મીંજના મોહોડા ઉપર ટંકણખારનો થોડોએક લેપ કરવો, અને મીંજના બાકીના ભાગ ઉપર ચણાના લોટનો લેપ કરવો. બાદ મીંજોને કાંસાની થાળીમાં ભરી તડકે મુક-

વાથી તેઓમાંથી જે તેલ ટપકી થાળીમાં એકઠું થાય તે બાટલીમાં ભરી રાખી ઉપયોગમાં લેવું.

રસરત્નાકરે.

અંકોલમાંથી તેલ નિકળે છે કે કેમ? તથા ત્રાંબાની સફેદ ભસ્મ થાય કે નહિ? તે વિષે વૈદ્યોમાં ઘણા મતભેદ ચાલે છે. નિઘંટ સંગ્રહ ગ્રંથના કર્ત્તા પ્રખ્યાત વૈદ્યરાજ રઘુનાથભાઈ લખે છે કે અંકોલના બીજની અંદર તેલ સરખું લાગે છે, પણ તેનું તેલ કાઢેલું કોઈ સ્થળે દેખવામાં આવ્યું નથી. તે તેલના ઘણા પ્રયોગો લખેલા છે, પણ તે કંઈ થતા દીઠા નથી.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી આર્યનાર્ય નામે પુસ્તકમાં જણાવે છે કેઃ—ત્રાંબાની સફેદ ભસ્મ થતીજ નથી, કેટલાએક જોગી જતીઓ ત્રાંબાને બદલે બીજા કોઇ પદાર્થને ફુલવી બતાવી ભ્રમમાં નાંખે છે, માટે કોઇએ છેતરાવું નહિ.

અમે જંગલની જડીબુટ્ટીની પ્રથમ આવૃત્તિમાં ઉપરોકત રસરત્નાકર વાળો પ્રયોગ લખ્યો હતો, તેના સબંધમાં અમેરિકાથી એક નેણસી નામના ગૃહસ્થ જણાવે છે કેઃ—આપે જંગલની જડીબુટ્ટીમાં અંકોલના બીજનું તેલ કાઢવાનો જે પ્રયોગ લખ્યો છે, તેવીજ રીતે જ્યારે હું હિમાલયમાં એક મહાત્મા પાસે વૈદક શીખતો હતો. ત્યારે તેલ કાઢયું હતું. એવી રીતે કાઢેલા તેલમાં વિદ્યુત શક્તિ અધિક હોય છે, માટે તેનાથી અનેક ચમત્કારો થાય છે. માટે જો આપની પાસે એવું તેલ તૈયાર હોય તો મોકલો. તામ્રભસ્મનો પ્રયોગ તો અમે જાતે અનુભવેલો છે માટે જીજ્ઞાસુએ અનુભવ લેઈ ખાત્રી કરવી.

બીજને ઉકાળીને તેલ કાઢવાની વિધિ—રસરત્ન સમુચ્ચય વિગેરે ગ્રંથોમાં જણાવ્યા મુજબ દશ તોલા અંકોલના બીજને કુટી પાંચશેર પાણી સાથે એક કલાક ઉકાળતાં એક શેર પાણી બળી ગયા પછી ઉતારી રાખી મુકવામાં આવ્યું અને બીજા દિવસ સવારના જોયું તો પાણીના ઉપર બીલકુલ ચીકટ જણાયું નહિ જેથી ક્રિયા નિષ્ફળ ગઈ.

પાતાળ યંત્રથી તેલ કાઢવાની કૃતિ—આ વિધિથી તેલ કાઢવાને માટે અનેક વખત પ્રયત્ન કરવામાં આવ્યા, પરંતુ કેટલીએક વખત અગ્નિની આંચ વધારે પડવાથી સમૂળગાં બીજ બળી ગયાં ત્યારે કેટલીએક વખતે જોઇએ તે કરતાં ઓછી આંચ લાગવાથી મુદ્દલ તેલ નીકળ્યું નહિ. આખરે જે ક્રિયા સફળ થઈ તે નીચે મુજબ હતી.

એક કાળારંગની બાટલી ઉપર બે વખત કાપડમાટી કરીને તેમાં એક શેર અંકોલનાં બીજની દાળોને કુટીને ભરવામાં આવી અને પછી પાંચ, પાંચ આંગળ લંબાઇના લોખંડના તારના ટુકડાઓના બંડલને એ બાટલીના મુખમાં ડાટાની માફક ખોસવામાં આવ્યા. તાર પોતાની લંબાઇના અડધા ભાગ જેટલા એટલે અઢી આંગળ બાટલીની અંદર અને તેટલાજ બહાર રહ્યા. પછી એક માટીના કુંડાના તળીએ મધ્ય ભાગે બાટલીની ગર્દનના માપનું છિદ્ર પાડી તે કુંડામાં બાટલીને ઊંધી રાખી કુંડાનાં છિદ્રમાંથી બાટલીના મુખને નીચેની તરફ બહાર કાઢવામાં આવ્યું, અને કુંડાના છિદ્ર અને બાટલીની ગર્દનના મેળાપની જગ્યાએ થોડીએક ચીકણી માટી લગાડી તે કુંડાને વગર અગ્નિના ચુલા ઉપર રાખવામાં આવ્યું જેથી બાટ-

લીનું મહોડું ચુલાના તળીઆથી ૭ આંગળ ઊંચું રહ્યું. પછી એક કાચનો ગ્લાસ કે જે નવ આંગળ લાંબો અને બેથી અઢી આંગળ ગોળાઇ વાળો હતો તે બાટલીના નીચે રાખવામાં આવ્યો જેથી ગ્લાસની અંદર બાટલીનું મહોડું અઢી આંગળ દાખલ થયું. આ પ્રમાણે ગોઠવણુ કર્યાબાદ કુંડાની અંદર રહેલા બાટલીના પેટની ઊપર એક ટીનના પતરાનું ભુંગળું કે જે બાટલીની ચારે તરફ એક આંગળ ઢીલું રહ્યું તે પહેરાવવામાં આવ્યું અને તે નળની અંદર બાટલીના ફરતી રેતી ભરવામાં આવી, ત્યાર પછી તે કુંડામાં દોઢશેર અડાયાં છાણુાંના નાના નાના કકડા કરીને ભરવામાં આવ્યા કે જે બાટલીના ખુધા બરાબર ઊંચાઈ સુધીમા ભરાયા. આ આંચ સવારના સાડાસાત વાગે આપવામાં આવી અને સાડાઆઠ વાગે તેલ નીકળવું શરૂ થયું. પહેલી આંચ જ્યારે બુઝાવા લાગી ત્યારે અડધોશેર બીજાં છાણુાના ટુકડા કરી તેની ઉપર નવવાગે ભરવામાં આવ્યા અને તે પણ સળગી રહ્યા ત્યારે દશ વાગે ત્રીજીવાર ફરીથી તેટલાજ ટુકડા ભરવામાં આવ્યા. આ આંચનું જોર કમી થયા પછી ચોથી આંચ એક શેર છાણુાંના ટુકડાઓની અગીઆર વાગે આપવામાં આવી. ત્રીજી આંચ સુધીમાં નીકળેલું તેલ સફેદ રંગનું હોઇ વજનમાં સાડાસાત તોલા હતું અને ત્યારબાદ નિકળેલું તેલ કાળા, પીળા, લાલરંગનું હોઇ વજનમાં સાડાચાર તોલા હતું.

એ રીતે એક શેર બીજમાંથી સાડા ત્રણશેર છાણુાંની આગથી ચાર આંચમાં થઇને સાડાચાર કલાકમાં બાર તોલા તેલ નીકળ્યું હતું અને બાટલીમાં શેષ રહેલાં બળેલાં બીજનું વજન દશ, બાર તોલા થયું હતું, ફેબ્રુઆરી માસમાં આ ક્રિયા કરવામાં આવી હતી

અને તેલ નિકળવાનું કાર્ય શરૂ થયા બાદ દરેક આંચે બાટલીની ગર્દન નીચેનો ગ્લાસ ઉઠાવી લેઇ તેની જગ્યાએ બીજો નવો ગ્લાસ મુકવામાં આવ્યો હતો જેથી દરેક વખતે નીકળેલું તેલ જુદું જુદું રહી શકયું હતું. પહેલી વારનું જે તેલ નીકળ્યું હતું તે સફેદ રંગનું પાતળા પાણી જેવું હતું અને તેમાં ચીકાશનો ભાગ બીલકુલ નહોતો તેથી નિશ્ચય થતો હતો કે એ તેલ નહિ પરંતુ સદરહુ બીજોનો પરસેવો હતો. વળી તે બીજા તેલમાં નાંખવાથી મળી પણ ન જતાં જુદુંજ રહેતું હતું.

બીજી વખતનું એટલે પાછળથી નીકળેલું તેલ બે, ત્રણ જાતનું હતું, કંઇકિ પીળા રંગનું, કંઇક લાલ રંગનું અને કંઇક કાળા રંગનું હતું. જે કાળા રંગનું હતું તેમાં ચીકાશ વધારે હતો અને લાલ, પીળા રંગમાં જરા ઓછો હતો. એ ત્રણે પણ એક બીજા સાથે મળતાં નહોતાં. નીચે પીળું અને ઉપર કાળું રહેતું હતું. જે પાણી જેવું અને ઓછી કાળાશ વાળું લાલ કે પીળું હતું તેમાં બત્તી બીંજાવી સળગાવવાથી સળગતી નહોતી, પરંતુ કાળા દ્રવ્યમાં બીંજાવીને સળગાવવાથી સળગતી હતી. એ ઉપરથી નક્કી થતું હતું કે માત્ર કાળું હતું એજ તેલ હતું, બાકી બીજું બધું પાણી હતું. કુંડામાં જ્યારે જ્યારે રાખ વધારે એકઠી થતી ત્યારે કાઢી નાંખી બીજી આંચનાં છાણાં ભરવામાં આવતાં હતાં, પરંતુ છેવટની આંચ તો રાખ કાહાડી નાંખ્યા સિવાય તેના ઉપર છાંણાંના ટુકડા ગોઠવીનેજ દેવામાં આવી હતી, કેમકે વધારે આંચથી બીજ તથા તેલ બળી જાયછે.

અભિપ્રાય—પાતાળ યંત્રથી અંકોલ ધંતુરો કે ખાખરાનાં

બીજ જેવી સ્વલ્પ તેલ ધરાવતી વસ્તુઓમાંથી તેલનો ભાગ જુદો પાડવાની જુદી જુદી ક્રિયાઓના અનેક વખત જુદી જુદી રીતે અખતરા કર્યા પછી તેમાં સરળતા પ્રાપ્ત કરવાને માટે અમે નીચે મુજબ અભિપ્રાય આપવાને સમર્થ થવા છીએ.

આ કામ માટે બીજી કોઈ પણ જાત કરતાં હમેંશાં વ્યવહારમાં વપરાતી કાળી બાટલી અથવા તો ગોળ આતશી શીશીને પસંદ કરી તેના ઉપર બે વખત કાપડમાટી કરી જે જાતનાં બીયાંનું તેલ કાઢવું હોય તેની દાળો બનાવીને તે બાટલીમાં ભરવી અને પછી તેમાં લોઢાના વાળાઓનો ડુચો મારવો પરંતુ ઘોડાના વાળનો ડુચો મારવો નહિ, કેમકે તે ડુચો તેલ પીને ફુલે છે, જેથી બીજા તેલને બહાર નીકળી આવવાનો માર્ગ બંધ કરે છે. આ પ્રમાણે ડુચો માર્યા પછી તે બાટલીને એક કુંડામાં છિદ્ર કરી તેમાં ઊંધી ઉભી રાખી તે છિદ્રમાંથી બાટલીની ગરદનનો ભાગ નીચે કાઢી એ કુંડાને એક ટીપાઈ કે જે ગજભર ઊંચી હોય તેના ઉપર રાખવું. ગજભર ઊંચું એટલા માટે કે તેની નીચે એક લાંબી નળી અને તેલ એકઠું થવાનો ગ્લાસ આવી શકે અને તેથી ટીપાઇના નીચે એક સાંકડા મહોડાનો શીશો અથવા ગ્લાસ રાખીને પછી એક વીંતભર લાંબી ટીનની, જસતની, શીશાની અથવા તો કાચની નળી બાટલીના મહોડા અને ગ્લાસના મુખ સાથે એવી રીતે લગાવવી કે જેથી તે બન્નેના વચ્ચે રહેલું અંતર દુર થઈ વરાળ બહાર ન નીકળે—નળી લગાડવાનું અને તેલ ઝીલવા મોટો શીશો કે ગ્લાસ રાખવાનું એ પ્રયોજન છે કેઃ—વધારે લંબાઇ અને વિશાળતાના લીધે વરાળ સારી પેઠે ઠંડી થઇને

નીચેના પાત્રમાં એકઠી થઈ શકે જેથી તેલનો ભાગ વધારે જથ્થામાં મળી શકે, કુંડાની અંદર બાટલીના ઊપર ટીનનું એક ભુગળું એટલું પહોળું ચડાવવું કે જેથી બાટલીની ચારે બાજુએ ઓછામાં ઓછી બે, ત્રણ આંગળ જગ્યા ખાલી રહે, એ ખાલી જગ્યામાં રેતી ભરવી અને પછી છાણાંના બે, બે આંગળાના કડકા કરી તે કુંડામાં ટીનના ભુંગળાની આજુબાજુ ખડકી આંચ દેવી, છાંણાના મોટા ટુકડા કરવાથી આગ તેજ થાય છે અને બીલકુલ ચુરો કરવાથી જોઇએ તેટલી ગરમી લાગતી નથી માટે બે, બે આંગળનાજ કડકા કરવા—પહેલી આંચ દોઢશેર અડાયાં છાણ ની આપવી અને ત્યારબાદ કલાક પછી અડધો શેર છાણાંની અને ત્યારપછી તેટલાજ અંતરે ત્રીજી આંચ પણ એટલાંજ છાણાંની આપવી. ત્રીજી આંચ આપ્યા બાદ કલાક પછી જ્યારે અગ્નિ ઠંડો પડી જાય ત્યારે કુંડામાંથી રાખને કાઢી લેઇને એક શેર છાણાંની ચોથી આંચ આપવી. એ રીતે બધાં મળી સાડાત્રણશેર છાણાંની આંચથી સાડાચાર કલાકમાંજ અંકોલ વિગેરે સાધારણ કઠીણ ચીજોનું તેલ નીકળી આવે છે. અને એનાથી કઠીણ એટલે ધંતુરાનાં બીજ વિગેરેના માટે એકાદ, બે આંચ વધારે આપવી જોઈએ. આંચ આપવાનું આ માપ ફાગણ જેવી શમશીતોષ્ણ રૂતુનું છે. પરંતુ જો ઠંડકની મોસમ હોય તો થોડીએક વધારે આંચ આપવી અને ઊનાળાની વધારે ગરમીની મોસમ હોય તો થોડીએક આંચ ઘટાડવી.

આજ સુધીના અનુભવ ઉપરથી સિદ્ધ થયું છે કે પાતાળયંત્રદ્વારા જે પ્રવાહી નીકળે છે, તેને તેલ કહેવા કરતાં ચુવો કે અર્ક કહેવો એ વધારે યોગ્ય છે, કેમકે પ્રથમ જે પ્રવાહી નીકળે છે તે

જળરૂપ હોય છે અને તેમાં તેલનો ભાગ ઘણોજ ઓછો હોય છે. વળી પાછળથી જે કાળું, પીળું કે લાલ પ્રવાહી નીકળે છે તેમાં તેલનો ભાગ જ્યારે વધારે હોય છે ત્યારે થોડો ઘણો બીજનો બળી ગયેલો ભાગ પણ મિશ્રિત હોય છે અને તેથી એ બન્ને પૈકી એક પણ દ્રવ્યને ચોખ્ખું તેલ ગણી શકાય નહિ, માટે જો સાફ ચોખ્ખા તેલનીજ જરૂર હોય તો શરૂઆતમાં નીકળેલા જળરૂપ પ્રવાહીને એકાદ દિવસ રાખી મુકવાથી તેના ઉપર અત્તરનો માફક જે તેલ તરતું હોય છે તેને રૂના પુંમડાવડે સંભાળથી ઉપર ઉપરથી લેઇ લેવું, અથવાતો પ્રથમ જણાવેલી "રસ રત્નાકર" ગ્રંથની વિધિ મુજબ સૂર્યની ગરમીના યોગે કાઢી લેવું. ચુવા ઉપરથી રૂના પુમડાવડે લેઇ લેવામાં આવતું તેલ ઘણું ઓછું અર્થાત્ એક શેર ચુવામાંથીજ એક અધોળ અથવા તો તેથી પણ કમી હાથ આવે છે.

શુદ્ધ અંકોલ તેલના તંત્રશાસ્ત્રોમાં અનેક ચમત્કારીક ગુણો વર્ણવવામાં આવ્યા છે.

એ તેલ સાથે પારાને ઘુંટવાથી તેની ગોળી બંધાય એવો કઠીણ થાય છે. હરતાલને ઘુંટી અગ્નિ આપવાથી કોઢ અને પતનાં અસાધ્ય દરદોને પણ દુર કરે તેવી ઉત્તમ ભસ્મ થાય છે, વિગેરે પ્રયોગો તો ઠામ, ઠામ જોવામાં આવે છેજ પરંતુ એ ઉપરાંત વળી "શીવોક્ત ઇંદ્રજાળ" નામના ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે કે:—

शववक्रेबिन्दुमात्रंतत्तैलंनिक्षेपयद्दि ॥
एकयामंसजीवःस्यान्नान्यथाशंकरोदितम् ॥

શબ એટલે મડદાના મુખમાં અંકોલનું તેલ જો એક ટીંપા

એટલું નાંખવામાં આવે તો તે એક પ્રહરવાર સુધી સજીવન થાય છે, શંકરે કહેલી આ વાત વ્યર્થ નથી.

અમેરીકા નિવાસી ઊપરોકત નેણશી નામના ગૃહસ્થે જણાવેલું છે કે હાલની નવી શોધથી માલુમ પડયું છે કે અંકોલના તેલમાં વિદ્યુત્ શક્તિ અધિક હોય છે અને તેથી તેનાથી અનેક ચમત્કારો થાય છે, આ વાતનું સ્મરણ કરતા શંકરે કહેલા આ વાકયમાં કંઈ સત્યતા હોય એમ સમજાય છે, અને તેથી કદાચ સાફ મરણ પામેલાં પ્રાણીઓ સજીવન થવાની વાતો તો બાજુએ રહી પરંતુ લગભગ આખર સ્થિતિ ભોગવતાં પ્રાણીઓ કે જેઓ મૂર્છા કિંવા અઘોર અવસ્થાને પ્રાપ્ત થયેલાં હોય છે, અને એ અવસ્થામાંથી ચેતનતા પ્રાપ્ત થવાને માટે આપણે હેમગર્ભ, હિરણ્યગર્ભ વિગેરે માત્રાઓ કિંવા કસ્તુરી કે સ્પિરિટ એમોન્યા એરોમેટિક વિગેરે ઔષધોનો ઉપયોગ કરીએ છીએ તેવા પ્રસંગે આ તેલના ઉપયોગથી ચેતનતા પ્રાપ્ત થવાનું ઊત્તમ કાર્ય થતું હશે એમ અનુમાન થાય છે. પરંતુ પૂરતો અનુભવ લીધા સિવાય સત્ય વાત શું છે તે નિશ્ચિત પણે કહી શકાય નહિ, માટે જીજ્ઞાસુએ અનુભવ લેઈ ખાત્રી કરવી.

અંજીર.

સં. રામોદુમ્બરીકા, હિં. મ. અંજીર, ઇં. ફીગટ્રી, લા. Ficus Carica.

વર્ણન—અંજીરનાં ઝાડ અરબસ્તાન, ઈરાન, તુર્કસ્થાન, આ-

રિકા તેમજ હિન્દુસ્થાનમાં પણ ઘણી જગ્યાએ થાય છે. આ એક ઊંબગની જાત હોઇ તેનો આકાર ઢેકઊંબરાને મળતો આવે છે. એનાં ફળો દરેક બજારે મા વેચાતાં હોવાથી તેમજ એનાં ઝાડ બગીચાઓમા વવાતાં હોવાથા તે સર્વત્ર પ્રસિદ્ધ છે.

ગુણદોષ—અંજીર શિતળ, રક્તવિકારનાશક, દાહશામક, પીત્તહર, મૂત્રકૃચ્છ, પ્રમેહ, કોઢ અને મગજની ગરમીને હરનાર છે.

(નિઘંટરત્નાકર.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—કંકચનાં બીજ પાંચ તોલા, રાળ અઢી તોલા, દાડમનાં ફુલની સુકી કળીઓ બે તોલા, કડાછાલ અઢી તોલા, ઊંચી જાતની સુખડનો ભૂકો બે તોલા, નાગકેસર અઢી તોલા, વણકબાબ બે તોલા, સુકાં આમળાં બે તોલા અને હરડેદળ અઢી તોલા લેઇ સાથે ખાંડી કપડાવડે ચાળી કાઢેલા ચૂર્ણને લીલાં અંજીરના રસના સાત પુટ દેવા. લીલાં અંજીર ન મળે તો દશ તોલા સુકાં અંજીરને કચરી તેમાં અડધે શેર પાણી નાખી આખી રાત રહેવા દેઇ સવારના ગાળી લેઇ તે પાણીને રસની જગ્યાએ ઉપયોગમાં લેવું. એમ સાત વખત કરવું. અને ત્યારપછી કાળી દ્રાક્ષના ઊકાળાની સાત ભાવનાઓ આપવી. છેવટની ભાવના માટે પાએલો રસ સુકાઇ જઇ ઓષધ સુકું થઇ જાય ત્યારે તેમાં સાકરનો ભૂકો ચૌદ તોલા, વાંસકપુર બે તોલા અને કપુર ૦॥। તોલો મેળવી બાટલીમાં ભરી રાખવું. આ ચૂર્ણ દરરોજ સવાર, સાંઝ ૦થી એક તોલા જેટલા વજનમાં આપવાથી બધી જાતનાં સફેદ, લાલ, કાળાં, લીલાં વિગેરે પ્રદરોમાં તાત્કાલિક ફાયદો બતાવે છે અને એકવીસ દિવસમાં

રોગને નાબુદ કરે છે. બંગાળાના કવિરાજો આ ચૂર્ણનો મોટા ભાગે ઉપયોગ કરે છે, અને તેથી ત્યાં આગળ "પ્રદરાશાંન" એટલે પ્રદરરોગનું ભક્ષણ કરી જનારૂં ચૂર્ણ એવા નામથી આ ઓષધ પ્રખ્યાત છે.

કડવાં તુરીઆં.

સં. તિક્ત કોષાતકી, હિં. કટુ તુરઇઆ, મ. કડુદોડકી, શિરાળી, ગુ. કડવી ઘીસોડી, કડવાં તુરીઆં, પાડાવેલા, લા. Luffa acutangula.

વર્ણન—એના વેલા ચોમાસામાં ઘણા ઉગી આવે છે અને તે લાંબા વધી વાડો, ઝાડવાં વિગેરે ઉપર ચઢી જાય છે, એનાં પાંદડાં ઘીલોડી અગર તુરીયાં કે ઝુમખડીનાં પાંદડાને મળતાં હોય છે, તેમાં જ્યારે શ્રાવણ, ભાદરવા માસમાં સાંઝની વખતે પીળા રંગનાં સુંદર મોટાં ફુલો ઊઘડયાં હોય છે, ત્યારે એનો દેખાવ રળીઆમણો થઈ રહેલો લાગે છે. એનાં ફળો શાકમાં વપરાતાં તુરીઆંના જેવાંજ પરંતુ તેનાથી ન્હાનાં એટલે ત્રણથી છ ઈંચ લાંબાં અને દોઢેક ઇંચ જાડાં તથા તેના ઉપર દશ ઊભી હાંસો કે ધારવાળાં થાય છે. એ ફળો કાચાં હોય છે ત્યારે લીલા રંગનાં હોય છે, પરંતુ સુકાય છે ત્યારે ભુરા રંગનાં થઇ જાય છે. ફળના મહોડા ઉપર સૂક્ષ્મ ડાંડલીવાળું ન્હાનું ઢાંકણું હોય છે, જે ફળ સુકાઈ જાય છે ત્યારે પોતાની મેળે જુદું થઈને પડી જાય છે, અને પછી ફળની અંદરના જાળીદાર

રેષાઓમાંનાં ત્રણુ લાંબાં છિદ્રોમાંથી બીજ નીકળીને નીચેખરી જાય છે. ફળોની વાસ ઊગ્ર અને સ્વાદ કડવો હોય છે.

આ તરફના ઘણાખરા લોકો એને કુકડપાડાના નામથી ઓળખે છે, પરંતુ કુકડપાડાના વેલા જુદી તરેહના થતા હોય તેને પીળાં નહિ પરંતુ સફેદ ફુલ આવે છે. વળી એનાં ફળો માત્ર એકથી દોઢ ઈંચ જેટલાંજ લાંબાં હોઇ તેના ઉપર જરા જાડી ઊભી પડધીવાળા અને સીધા ગીચોગીચ કાંટા હોય છે. આ બન્ને વનસ્પતિના ગુણુ લગભગ સરખાજ છે, અને તેથી એકના બદલે બીજી વાપરવામાં આવે તો પણુ કંઇ અવગુણુ ન થતાં એક સરખોજ ફાયદો થાય છે.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—આપણા દેશમાં મેલેરીઆની હવાથી આવતા તાવનો ઉપદ્રવ ઘણો હોવાથી તેના માટે ક્વિનાઇન, સીન્કોના વિગેરે ઔષધો વપરાય છે, અને તે આ તાવ માટે રામબાણ ઇલાજ મનાય છે. પરંતુ કેટલાએક પ્રસંગે ક્વિનાઇનથી જોઇએ તેવો ફાયદો થતો નથી. પણુ જો આ ઔષધનો ઉપયોગ કરવામાં આવે તો થોડાજ સમયમાં શરીરમાંથી મેલેરીઆનું ઝેર નાબુદ થઇ તાવ આવતો અટકે છે, એટલુંજ નહિ પરંતુ મેલેરીઆની અસરથી વધેલી બરોળ, કમળો, લીવરનું વધવું, સોજા, પાંડુરોગ અને જળોદર જેવા રોગો પણુ થોડાજ સમયમાં તદન નાબુદ થાય છે, એને વાપરવાની રીત એવી છે કે સુકાએલાં બે ફળો લેઇ ચાળીશ તોલા ઠંડા પાણીમાં આખી રાત ભીંજવી રાખી સવારના ગાળી લેઈ તે પાણી ચારેક રૂપીઆભારના આશરે સવારમાં પીવાથી ઝાડો, ઊલટી વિગેરે થઇ કોઠાને સાફ કરે છે, અને તેથી કફ, પિત્ત, વિષ વિગેરે નીકળી

જાઈ પાંડુ, ખરોળ, કમળા, કોઢ, અર્શ, સોજા, જળોદર, ગુલ્મ, તાવ, દમ વિગેરે દુર થાય છે. વળી એ ફળને થોડાએક પાણીમાં આખી રાત ભીંજવી રાખી તે પાણી સવારે નાકવાટે સુંઘાડવાથી નાકે ચેચ લાગી પીતનો સ્રાવ થઈ કમળાનું દરદ નાબુદ થાય છે.

એકાદ ફળને પાંચ તોલા પાણીમાં ભીંજવી રાખી તે પાણી પાવાથી પુષ્કળ ઝાડા તથા ઊલટીઓ થઈ હડકાયા કુતરાનું ઝેર, સાપનું ઝેર અને ઊંદરનું ઝેર દુર થાય છે.

આ ઔષધમાં જો કે આવા અમુલ્ય ગુણો રહેલા છે, તોપણુ તે ઝેરી અને સખ્ત ઝાડા, ઊલટી કરનાર હોવાથી તેનો ઉપયોગ કરવામાં ઘણી સંભાળ રાખવાની જરૂર છે. નબળા બાંધાના અને નબળા હૃદયના દરદીઓને તે આપવું નહિ. સારા અનુભવી વૈદ્યોએ તેનો ઉપયોગ કરવા છતાં પણ જો તે વિશેષ ઉપદ્રવ કરતું જણાય તો તેના વારણ તરીકે ગાયનું ઘી પાવું તેમજ જો નાકે સુંઘાડવામાં આવ્યું હોય તો ઘી પણ નાકે સુંઘાડવું તેથી ઉપદ્રવ શમી જશે. વળી દરદીની સ્થિતિનો વિચાર કરીને ઔષધ પીવાના માપમાં પણ વધઘટ કરવી.

ખાનબહાદુર મોઈદીન શેરિફ લખે છે કેઃ—કડવા તુરીઆનું ફળ ઊલટી લાવનાર છે, પરંતુ ફળમાંનો કીયો ભાગ ચોક્સ અસર કરનાર છે તે લોકોની જાણમાં નહિ હોવાથી તેઓ આખા ફળને રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તેને ગાળી લેઇ ઊલટી અને ઝાડા માટે આપે છે. આ પ્રમાણે આ ફળનો ઉપયોગ કરવાથી પેટમાં અત્યંત ચુંથારો થાય છે, અને ઝાડા, ઊલટી થવાનું કાર્ય અચોક્સ અને અનિયમિત થાય છે, જેથી કેટલાએકને બિલકુલ ઊ-

લટી આવતી નથી, અથવાતો કલાકોના કલાકો સુધી જોસભેર ઊલટી થયાં કરે છે, પરંતુ અનુભવથી માલુમ પડ્યું છે કે એનાં બીજમાં આડો, ઉલટી કરાવનારો ચોક્સ ગુણ રહેલો છે, અને તેથી એનાં બીજની મીંજો હિન્દુસ્થાનમાં સૌથી સારામાં સારી ઉલટી કરાવનારી ઔષધિ છે. ઇંગ્રેજી ઔષધ આઇપીકાકયુઆનાના જેટલા વજનમાં આપવાથી આ ઔષધ પણ તેના જેવોજ ગુણ કરે છે, એટલે ૫ થી ૧૦ ગ્રેન જેટલું આપવાથી કફ કાઢવાનું, દશથી પંદર ઘઊંભાર જેટલું આપવાથી મોળ અને ઉબકા લાવવાનું તથા ૨૦ થી ૩૦ ઘઊંભાર જેટલું એનું ચૂર્ણ આપવાથી ઉલટી લાવવાનું કાર્ય કરે છે, એનાં બીજનું મગજ વાટીને પાણી સાથે મેળવવામાં આવે છે ત્યારે લીલાશ લેતા ધોળા રંગનું પ્રવાહી તૈયાર થાય છે જે મેં ઘણાં વર્ષથી આજ સુધી આઇપીકાકયુઆનાના બદલે દવામાં વાપરેલું છે અને તે ઉલટી લાવવા ઉપરાંત આઇપીકાક્યુઆનાની માફક સંગ્રહણી અને મરડા ઉપર પણ ઘણી સારી અસર કરે છે.

આ ગુણો ઉપરાંત તેમાં વળી બીજો એક અજબ ગુણ એ જણાયો છે કે:—ઝામરવાનું દરદ કે જે બીજા કોઈ પણ ઇલાજથી સારૂં થતું ન હોય તેના માટે એનાં ફળોને રાતવાસો પાણીમાં ભીંજાવીને પછી સવારના ચોળી મસળીને તે પાણીને ગાળી લેઈ તેમાં બાવટાનો લોટ પલાળી રોટલાના આકારે પોટીસ બનાવીને તેનો માથા ઉપર લેપ કરવો અને પછી સદરહુ પાણીથી ભીંજાવેલું કપડું તેના ઉપર પાથરવું. આ પ્રમાણે બપોરના ચાર વાગ્યા સુધી રાખીને સુઈ જવું. આ પ્રમાણે આશરે દશેક દિવસ સુધી એ પ્રમાણે કરવા-

થી ઝામરવાથી પીડાતા દરદીને અત્યંત ફાયદો થાય છે.

વૈદ્યકસાર—નામે ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે કેઃ—

शिरमें दरद हो और नजला सारु काहो पीनस हो और कीडे पड जाय उसके वास्ते घुमरायन वा त्रिन्शलका फल लेकर उसके अन्दरका जाला निकाल कर छ मासे पानीमें पांचसात मिनिट भिगो कर नाकके रास्ते खींचे. छींक उसी वक्त आवेगी फिर नही सुंघे इसी तरह ३ दिन तक नाकसे रतुवद निकलैगी ३ दिन तक सूखी दालरोटी खिलावै पीनस-के कीडे भी निकल जायेंगे और अच्छा हो जावेगा और योग क्रिया करने वालोंके जब गरमी दिमागमें होतीहै तब यही दवा सूंघते है ऊपर लिखेकी रीतिसे दिमाग साफ होजा-ताहै और पागलको सुँघानेसे पागल अच्छा होजाताहै और पीलानेसे पेटके कीडे विरल पानीके होकर बहि जाते है.

માથામાં દરદ હોય, નજલાનું પાણી રોકાયું હોય, પીનસનું દરદ થયું હોય અને કીડા પડતા હોયતો તેના માટે કડવા તુરીઆનું અથવા તો કુકડપાડાનું ફળ લેઇ તેના ઉપરની છાલ કાઢી નાંખી અંદરનો ગર્ભ લઈ અર્ધા તોલા પાણીમાં પાંચ, સાત મિનિટ ભીંજાવી રાખી ચોળી મસળીને પછી તે પાણીને નાક વાટે સુંઘવાથી તરતજ છીંકો આવવા લાગશે. અને એ મુજબ છીંકો આવવા લાગે એટલે પછી સુંઘવાનું બંધ કરવું—આ દવા સુંઘવાથી ત્યાર બાદ ત્રણ દિવ-

સો સુધી નાક વાટે માથામાં સંચિત થયેલો કફ, પીત્ત વિગેરે દોષો નીકળી જશે તેમજ પીનસના કીડા પણ નીકળી જઈ દરદ નાબુદ થશે. આ ઔષધ સુંઘ્યા પછી ત્રણ દિવસ સુધી ઘી, માખણ, દુધ વિગેરે ચીકટ ખાવું નહી, માત્ર દાળ, રોટલી વિગેરે લુખો ખોરાક ખાવો. યોગ વિદ્યાની ક્રિયાઓ કરનારાઓને જ્યારે માથામાં ગરમી થાય છે, ત્યારે ઉપર લખ્યા મુજબ વિધિથી આ દવા સુંઘે છે જેથી ગરમી ઝરી જઈ મસ્તક સાફ થઈ જાય છે. અને ગાંડા મનુષ્યને સુંગાડવાથી તેને પણ આરામ થાય છે. વળી આ ઔષધ પાવાથી પેટના કીડા ઓગળીને પાણી જેવા થઈને ઝાડા વાટે વહી જાય છે.

રસ રત્નાકર ગ્રંથના કર્ત્તા પ્રખ્યાત સિદ્ધ મહાત્મા નિત્યનાથ જણાવે છે કે:–કડવાં તુરીયાંના બીજનો ભૂકો એક શેર, સુંઠ એક શેર, તલનું તેલ ચાર શેર અને પાણી સોળશેર એ બધાંને સાથે મેળવીને ધીમી આંચથી ઉકાળતાં પાણીનો બાગ બળી જઈ તેલ માત્ર બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. એ તેલ ચોપડવાથી ગરમીના રોગની અસાધ્ય ચાંદી દુષ્ટ વ્રણ તથા ભગંદરનું દરદ દુર થાય છે.

આ ઔષધનો વપરાશ હાલમાં આ દેશમાં ઘણો જૂજ છે, પરંતુ સાંભળવા પ્રમાણે અમેરિકામાં તેનો વિશેષ ઉપયોગ થાય છે. અને તેથી બીજા કોઈપણ ઇલાજથી નહિ મટનારાં અસાધ્ય વ્રણો દુર થાય છે.

રાજમાર્તંડ ગ્રંથના કર્ત્તા શ્રીમાન્ ભોજ રાજા જણાવે છે કે ગુહ્ય ભાગમાં ઉત્પન્ન થયેલા વાળને કાઢી નાંખી પછી તેના ઉપર

કડવાં તુરીયાંમાંના બીજમાંથી કાઢવામાં આવેલું તેલ ચોપડવાથી ત્યાં આગળ કદીપણ ફરીથી વાળ ઉગતા નથી.

ચંદ્ર ચકોરી નામનો ગ્રંથનો કર્ત્તા જણાવે છે કે બેસવાની કપડાની ગાદીમાં રૂના બદલે કડવાં તુરીયાંના ફળનો ભૂકો ભરવો. આ ગાદી ઉપર દરરોજ બેસવાથી કોઈપણ જાતના ઔષધનું સેવન કર્યા સિવાય અર્શનું ભયંકર દરદ પણ જડ મૂળથી નાબુદ થાય છે. જો આ પ્રમાણે ન બની શકે તો દરરોજ સાંઝે પાણીથી ભરેલા એક લોટામાં બે, ચાર કડવા તુરીઆનાં ફળો નાંખી મૂકવાં અને સવારના ઝાડે જતી વખતે તે પાણી ગુદા ધોવાના; ઉપયોગમાં લેવું તેથી પણ વગર ઔષધે ચાર, છ મહીનામાં અર્શનો વ્યાધિ નિર્મૂળ થાય છે.

કલગારી.

સં. કલિકારી, લાંગલી, વિશલ્યા, ગર્ભ પાતિની. અગ્નિ શિખા હિં. કરિયારી, મ. કળલાવી, ખડયાનાગ ગુ. શીંગડીઓ વછનાગ, દુધીઓ વછનાગ, કલગારી, કજીઆરી, કંકાસણી. લા. Gloriosa superba, Aconitum Napells.

વર્ણન—એના છોડવા ચોમાસે ઊગી નીકળે છે, તે પાંચથી દશ ફુટ કે તેથી પણ ઊંચા હોય છે, એનાં મૂળને મથાળેથી એકાદ, કે બે ચાર ઊભી સોટીઓ જેવું નીકળી પછી તે વેલાની માફક આડી અવળી ઘાસ કે નજીકનાં ઝાડવ ઉપર લંબાય છે. એનાં પાંદડાં લાંબાં, છેવટે સાંકડાં થતાં ગુંછળાંની માફક આંટી વળેલાં હોવાથી એ આંટી

ઝાડવાંને વીંટળાઇ વેલા ઊંચે ચઢી જાય છે, એમાં ઘણું કરી શ્રાવણ ભાદરવે ફુલ આવે છે, જે મોટાં અને પીળાશ લેતાં લાલ અને સિંદુરીયા રંગનાં હોય છે. તેની પાંખડીઓ અગ્નિની શિખાની માફક ઊંચી ચઢતી અને કોર ઉપર મોજાં વાળી હોય છે, જેથી તે તરત ઓળખાઇ આવે છે. એનાં ફળો લાસી, લાંબી એરંડીને મળતાં અને મૂળીઆં જરા ચપટાં અને કંદ જેવાં લાંબાં હોય છે. એનાં ફુલ જેના ઘર ઉપર નાંખવામાં આવે તેના ઘરમાં કજીઓ થયા વિના રહે નહિ એવી લોકોમાં માનિનતા હોવાથી તેમજ દરેક સ્થળે તે ઊગતી હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—રામાયણમાં કથા છે કે:-લક્ષ્મણના હૃદયમાં રાવણે મારેલી બ્રહ્મ શક્ત ખુંચી રહેવાથી આવેલી મુર્છા વાળવાને સુષેણ વૈદ્યે વિશલ્યા નામની ઔષધિના રસનો લેપ કરી સહેલાઇથી શકિત ખેંચી લીધી હતી, સંધિની નામની ઔષધિથી જખમ રૂઝવ્યો હતો, અને સંજીવનની ઔષધિથી પ્રાણને ચેતનતામાં આણ્યો હતો. આ ઔષધિઓ કઇ હશે ? તે સંબંધિ તર્ક-વિતર્ક કરતાં ઘિંટોમાં કજીઆરીનું વિશલ્યા એટલે "શલ્યને દુર કરનારી" એવું નામ વાંચવામાં આવ્યું, પરંતુ તેમાં નામ પ્રમાણેનો ગુણ છે કે કેમ ? તે સબંધિ કોઇ સ્થળે ઊલ્લેખ હાથ આવ્યો નહિ, એવામાં રાજમાર્તંડ નામે ગ્રંથ વાંચવામાં આવતાં તેમાં એવું લખેલું દૃષ્ટિએ આવ્યું કે:-" કલગારીનો કંદ પાણીમાં વાટી ચોપડવાથી લાંબો સમય થયાં ઘુસી ગયેલું શલ્ય ઘામાંથી તરતજ બહાર નીકળી આવે છે." આ ઉપરથી તેનો અનુભવ લેવા શ્રદ્ધા ઊત્પન્ન થતાં

એક મનુષ્ય કે જેના પગમાં ખીલો ઘુસી ગયો હતો, તેને જખમની આજુ બાજુ આ કંદ ચોપડવામાં આવ્યો અને પછી તરતજ ખીલાને ખેંચવામાં આવ્યો, તો પ્રથમનો ખીલો દરદીને કલોરોફોર્મ આપી એ શુદ્ધ કર્યા સિવાય કોઇપણ બીજી રીતે ખેંચવો નુકસાન કારક જણાતો હતો તે ઘણી સહેલાઇથી ખેંચી લીધા બાદ જખમ ઉપર સંધિની નામની વનસ્પતિનો પાટો બાંધવાથી લોહી નીકળતું તત્કાળ બંધ થઇ, એ ત્રણ દિવસમાંજ રૂઝ આવી ગઇ.

રામાયણમાં વર્ણવેલી વિશલ્યા નામની દીવ્ય ઔષધી આજ હશે કે બીજી તેનો ચોક્કસ નિર્ણય આ ઉપરથી કરી શકાય નહિ, પરંતુ ગુણ દોષમાંતો આ વિશલ્યા આબેહુબ તેને મળતીજ છે. વળી રામાયણમાં જણાવ્યું છે કે સદરહુ વિશલ્યા અગ્નિની માફક ચળકતી હતી અને ખરેખર ! આપણી વિશલ્યા પણ તેનાં અગ્નિ જેવાં ફુલોના લીધે ચળકે છે જેથી નિઘંટકારોએ તેને અગ્નિ શીખાનું નામ પ્રદાન કરેલું છે, અને એ પુરાવા ઉપરથી આપણી વિશલ્યા એજ રામાયણની વિશલ્યા અને આ પુસ્તકના અંતે વર્ણવેલી સંધિની એજ રામાયણની પણ સંધિની હોય એમ ખાત્રી થાય છે. જો એમ હોય તો હવે શોધવી રહી માત્ર સંજીવની અને જો તે ઇશ્વરેચ્છાથી કોઇ મહાશય જાહેરમાં લાવેતો પછી જોઇ લ્યો આયુર્વેદના અનહદ પ્રભાવની બલિહારી ! આજકાલના યુદ્ધ પ્રસંગમાં ઘાયલ થયેલા સિપાઇઓ હોસ્પીટાલોમાં લાંબા સમય સુધી રીબાય છે તેનો આ ઔષધિઓના પ્રભાવે શીઘ્ર સારા થાય તો પછી દુનિયાંની બીજી દરેક ચિકિત્સા પ્રણાલીઓ આયુર્વેદના ચરણોમાં નમન કાં ન કરે ? અસ્તુ !

આ ઔષધિનાં બીજાં નામોની સાથે નિઘંટોમાં તેનું ગર્ભ